॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ 'મા'નું જગદંબા-સ્વરૂપ ॥

'જગદંબાનું જે દર્શન થાય છે તે અપાર્થિવ શરીરમાં થયા જ કરે છે. જે શરીરનું દર્શન થાય છે તે ચિન્મય, લાવણ્યનું, માધુર્યનું વર્ણન વાણી ન કરી શકે. એનો સ્પર્શ અતિશય સંજીવનપ્રદાયક. જ્યારે હિમાલયમાં બાર બાર વર્ષ ઉપવાસો ને વ્રતો કર્યાં ત્યારે એક ભાવના હતી કે, જેમ એકનાથને ત્યાં શિખંડીયાના રૂપે પ્રભુ સામાન્યરૂપે સાથે રહ્યા ને સેવા કરી રહ્યા તેમ મારી સાથે પણ દિવ્યરૂપની સાથેસાથે સામાન્ય રૂપ ધરીને સાથે રહેવા આવે. તો એ બધી પ્રાર્થના, વ્રત, ઉપવાસોનો 'મા' સર્વેશ્વરી જવાબ છે. જે ઓળખશે તે તરશે. એમની જેટલી મને કિંમત છે એટલી કોઈને નથી. એની પાછળ ઉપવાસો, પ્રાર્થનાની મોટી ભૂમિકા છે. એમને જોતાં મને એમ જ લાગે છે કે હું જગદંબા સાથે જ વાત કરું છું. એ મને કોઈ સામાન્ય સ્ત્રી લાગતાં નથી. મા ભગવતી જ મારી સાથે છે એવી મારી ભાવના છે. તુલસીદાસ કહે છે તેમ; 'સો જાનહુ જેહિ દેહું જનાઈ.' પ્રભુ જેને જણાવવા માગે તે જ તેને જાણી શકે.'

**–શ્રી યોગેશ્વરજી**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ પરમ પૂજ્યશ્રી'મા'નો દીક્ષાદિન ॥

## (તા.૧૯-૧-૧૯૭૯)

રામ તજૂં પર ગુરુ ન બિસારુ, ગુરુ સમ હરિકો ન નિહારું
હરિને દિયો જનમ જગ માંહી, ગુરુને આવાગમન છુડાઈ
હરિને કુટુંબજાલમેં ઘેરી, ગુરુને કાટી મમતાબેરી
હરિને પાંચ ચોર દિયે સાથા, ગુરુને લઈ છુડાયા અનાથા
હરિને કર્મભર્મ ભરમાયો, ગુરુને આતમરૂપ લખાયો
હરિને મોંસુ આપ છિપાયો, ગુરુને દીપક દેત હી બતાયો

**–હિંદી કવયિત્રી સહજોબાઈ**



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરજી-સ્તુતિનું માહાત્મ્ય | 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | શ્રી ગુરુભગવંતની વાઙ્મયી આરતી : 'બાવની' | શ્રી રાજુભાઈ જાની | ૧૦ |
| ૩. | શ્રી યોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૧૨ |
| ૪. | શ્રી 'મા'ના ઉપદેશની અનન્યતા | સંકલન | ૧૫ |
| ૫. | ગુરુ વિષ્ણુ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૯ |
| ૬. | શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૨૨ |
| ૭. | બ્રાહ્મમુહૂર્ત | શ્રી યોગેશ્વરજી | ૨૯ |
| ૮. | મૂકં કરોતિ વાચાલમ્ | " | ૩૪ |
| ૯. | જગદંબાનાં ત્રણ રૂપ | " | ૩૮ |
| ૧૦. | સંસિદ્ધિની અલૌકિક અવસ્થા | " | ૪૧ |
| ૧૧. | વિવેકાનંદે જોયેલો પ્યાલો | " | ૪૪ |
| ૧૨. | વિવેકાનંદ-ભારતવર્ષનું ઘનીભૂત રૂપ | સંપાદન | ૪૭ |
| ૧૩. | શ્રી રામકૃષ્ણ 'સૂત્ર'-વિવેકાનંદ 'ભાષ્ય' | " | ૪૮ |
| ૧૪. | સદ્ગુરુ પરમશક્તિસ્રોત | મૃણાલિની માતા | ૫૦ |
| ૧૫. | માનવે માનવ થવાનું છે | તરલા દેસાઈ | ૫૩ |
| ૧૬. | પૂ.શ્રી'મા'ના પ્રાગટ્યપર્વની ઉજવણીશ્રી | અશ્વિન કાકા | ૬૩ |

# નિવેદન : અહો ગુરુ ! અહો શિષ્ય !

દરેક આત્મા પૂર્ણ થવા સરજાયો છે. એ પૂર્ણતાની અવસ્થા પ્રાપ્ત કરવાનો જ છે. પણ એ માટે બહારની સહાયની જરૂર પડે છે. એ સહાયથી આત્માની ઉચ્ચતર શક્તિઓ તેમજ સંભાવનાઓ પ્રબળ બને છે. પણ આ પ્રબળતા ગ્રંથોમાંથી નથી આવતી. એક આત્મા બીજા આત્મા પાસેથી જ 'આધ્યાત્મિક શક્તિ' મેળવી શકે. આવી શક્તિ જેનામાંથી સંચરે તે 'ગુરુ' અને જેનામાં એ ગ્રહણ કરવાની શક્તિ છે એ 'શિષ્ય'.

૧૯ જાન્યુઆરી, ૧૯૭૯માં દક્ષિણ ભારતની યાત્રામાં શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુનના મંદિરમાં પૂજ્યશ્રી 'મા' સર્વેશ્વરીને વગર માંગ્યે દીક્ષા મળી. એ અલૌકિક દીક્ષાનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં દીક્ષાગુરુ શ્રી યોગેશ્વરજી સ્વયં કહે છે તેમ; ''મા'ના સંસ્કારોનો સમુદય થવાથી એમને કોઈપણ પ્રકારના પૂર્વસંકલ્પ કે પૂર્વયોજના વિના દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો.' 'સદ્‌ગુરુ' સમર્થ હતા અને 'શિષ્યા' સંપૂર્ણ અહંકારરહિત હતાં માટે જ આવી 'સહજ દીક્ષા' સંભવી.

જેમ શ્રી વિવેકાનંદ શ્રી રામકૃષ્ણનાં 'આધ્યાત્મિક આંદોલનો' સાથે 'સૌથી વધુ તાદાત્મ્ય' સાધી શકેલા એમ શ્રી 'મા' પણ પૂજ્યશ્રી યોગેશ્વરજીનાં 'આધ્યાત્મિક આંદોલનો' સાથે 'સંપૂર્ણ તદાકારતા' સિદ્ધ કરી; શ્રી ગુરુ ભગવંતનાં એકે એક સ્પંદનને જીવવા-જીવાડવા ૪૦-૪૦ વર્ષથી હરપળ મથી રહ્યાં છે.

તો શ્રી વિવેકાનંદની જન્મતારીખ (૧૨) તેમજ શ્રી 'મા'ની દીક્ષા તારીખ (૧૯)-ઉભય મહિમાવંતી તારીખોને વધાવી, 'ઉભય ચૈતન્યસ્વરૂપો'ને તથા તેમના 'મૂળ સ્રોતો'ને પુનઃ પુનઃ પ્રણમી, ધન્યતાથી ઉચ્ચારીએ : 'અહો ગુરુ ! અહો શિષ્ય !'



# ॥ પૂ.શ્રી યોગેશ્વરજી-સ્તુતિનું માહાત્મ્ય ॥

''બાવન પંક્તિના શ્રી ગુરુભગવંતના દિવ્યદેહને નમસ્કાર''

જો કોઈ અજાણ્યા પૂછે કે;

**પ્રશ્ન :** નવનિર્માણમાં ભૂમિપૂજન કરાવ્યું ?

**ઉત્તર :** હા.

**પ્રશ્ન :** કયા પ્રસિદ્ધ આચાર્ય પાસે કરાવ્યું ?

**ઉત્તર :** અરે ! સ્વર્ગારોહણમાં તો બધા સાધકો શાસ્ત્રી અને બધા જ ભક્તો આચાર્ય. બધા જ બાળકો બાવની બોલ્યાં એટલે પૂજન થઈ ગયું.

**પ્રશ્ન :** આજે પ્રારંભે શું કર્યું ?

**ઉત્તર :** બાવની.

**પ્રશ્ન :** વૃક્ષારોપણ પ્રસંગે શું કરો છો ?

**ઉત્તર :** બાવની.

**પ્રશ્ન :** નિત્ય પ્રાર્થનામાં શું ગાવો છો ?

**ઉત્તર :** બાવની.

**પ્રશ્ન :** સ્વર્ગારોહણમાં આજકાલ કઈ કઈ ઋતુઓ ચાલે છે ?

**ઉત્તર :** સેવાની ઋતુ, બાવનીની ઋતુ, સત્સંગ-દર્શનની ઋતુ.

**પ્રશ્ન :** આજકાલ સ્વર્ગારોહણનો મુખ્ય કાર્યક્રમ શું હોય છે ?

**ઉત્તર :** ઉત્તરમાં કહી શકાય બાવની.

જ્યાં ને ત્યાં દરેક પર્વ,-દરેક પ્રસંગે, દરેક પ્રારંભે વિવિધ ક્ષેત્રે માત્ર ને માત્ર બાવનીનું જ ગાન, બાવનીના જ પાઠ.

સૌ ગાતાં રહે છે, એ બાવન પંક્તિ, શ્રી ગુરુભગવંતની પ્રશસ્તિ, એ બાવન ફૂલોની ફૂલમાળા.

સૌ એ બાવન પંક્તિની સ્તુતિમાળા ગાઈને શ્રી ગુરુભગવંતની ષોડશોપચાર પૂજા કરી રહ્યા છે.

એ બાવન પંક્તિની સ્તુતિમાળા જાણે શ્રી ગુરુભગવંતની વાઙ્મયી આરતી છે. એ સ્તુતિની બાવન જ્યોત એક એક જાણે જીવોના સર્વ પાપોને શોધી શોધીને ભસ્મીભૂત કરતી સંહારક શક્તિ.

એ સ્તુતિની બાવન પંક્તિઓ જાણે શ્રી ગંગાજળનાં બાવન તામ્રપાત્રો. જેનાથી શ્રી ગુરુભગવંતના શ્રી ચરણકમળનું પ્રક્ષાલન કરી રહ્યા છે.

આ સ્તુતિની બાવન પંક્તિ સર્વોત્તમ બીજ છે. જેની સ્વર્ગારોહણની ધરતીના કણ કણમાં વાવણી થઈ રહી છે. કોઈક ધન્ય ક્ષણે એ ઊગશે, એ ફળશે, એ અમરવેલ ઉપર દર્શનનું સર્વોત્તમ ફળ પણ એક ધન્ય ક્ષણે પ્રાપ્ત થશે જ.

નાનાં, મોટા, યુવાનો સૌને એ સ્તુતિ પ્રિય લાગે છે. મુખ-પાઠ પણ થઈ ગયો છે.

એ પાવન સ્તુતિ સ્વર્ગારોહણના કાર્યોના પ્રારંભ માટે જાણે શ્રી ગુરુભગવંતનું સેવાસ્તોત્ર બને.

સ્વર્ગારોહણના પૂર્ણવિરામ પામતાં કાર્યમાં એ હર હર મહાદેવ હરનું જયઘોષ (એ પાવન સ્તુતિ) બની જાય છે.

વૃક્ષદેવતાનાં વિસર્જનપર્વે એ પાવન સ્તુતિ ક્ષમાપનસ્તોત્ર બની જાય છે.

તો વૃક્ષદેવતાનાં સ્થાનાંતરમાં આ પાવન સ્તુતિ ગૃહપ્રવેશના વાસ્તુના શ્લોકો બની જાય છે.

સર્વ નાના મોટા પ્રસંગોની વધામણીનો એ મંગલ દીવો બની જાય છે.

ત્રિતાપે શેકાતાં સાધકો માટે એ પાવન સ્તુતિ હિમશિલા બની જાય છે.



સર્વ પ્રકારના અસાધ્ય રોગોનું એ અમોઘ, અકસીર ઔષધ બની જાય છે.

દર્શનની સૂક્ષ્મ સીડી પણ આ જ સ્તુતિ.

મોક્ષનું સર્વોત્તમ સાધન પણ આ જ સ્તુતિ.

ભક્તોનું કલ્પવૃક્ષ પણ આ જ સ્તુતિ.

હા ! આજ સુધી અનેક ભક્તોની શુભકામના આ જ સ્તુતિએ કલ્પવૃક્ષ બનીને પૂર્ણ કરી છે.

આ સ્તુતિનો એક એક અક્ષર જાણે ભવસાગર પાર કરતી એક એક નૌકા.

આ સ્તુતિ જાણે શ્રી ગુરુભગવંતનો ચિન્મય આવિર્ભાવ.

એ સ્તુતિની પ્રથમ પંક્તિ છે, શ્રી ગુરુભગવંતનું મસ્તક :

'શ્રી યોગેશ્વર જય ગુરુદેવ'

તો એ સ્તુતિની અંતિમ પંક્તિ છે. 'શ્રી ગુરુભગવંતનાં ચરણ-કમળ રક્ષો ભવસાગરતણા વિઘ્નો થકી તમામ' એ સ્તુતિ શ્રી ગુરુભગવંતની શેષશૈયા છે. શ્રી ગુરુભગવંતનો દિવ્યદેહ વિશ્રામ લેતાં લેતાં એ બાવન પંક્તિના આસને પ્રસરી રહ્યો છે.

એ સ્તુતિ શ્રી કૃષ્ણપ્રભુની વાંસળી. અરે ! શ્રી ગીતાજીનું સુખ ધરનારી છે.

એ સ્તુતિમાં ભગવાન શિવજીનું શિવમહિમ્નસ્તોત્ર પણ પથરાયેલું છે.

અરે ! પરાત્પરશક્તિનું દુર્ગાસપ્તશતિનું રસાયણ પણ આ જ સ્તુતિમાં મળે છે.

એ સ્તુતિની બાવન પંક્તિ જાણે બાવન અવતારોની લીલા-કથા સંભળાવતું ભાગવત છે.

સ્વર્ગારોહણના નવનિર્માણની કરોડરજ્જુ પણ આ બાવન પંક્તિની સ્તુતિમાળા જ બની રહી છે.

એ સ્તુતિમાળમાં સર્વેશ્વરીના સુખધામ બીરાજે છે, વિહરે છે.

જેટલા અક્ષરો એટલા શ્રી ગુરુભગવંતનાં ચરણકમળ છે, કર્ણકમળ છે. એટલે જે એ અગણિત કર્ણપ્રદેશે સૌની સ્તુતિનું શ્રવણ કરી લે છે. અગણિત નેત્રપ્રદેશે સૌને જોયા કરે છે, માણ્યા કરે છે. અગણિત કરકમળથી સૌને અખંડ આશીર્વાદ ધર્યા કરે છે. અગણિત ચરણકમળથી દોડી દોડી સૌના દુઃખ દળતા રહે છે. એ સ્તુતિમાં કેટલાંક અભય વચનો પણ જઈને વસ્યાં છે.

૧. શાંતિ મળે.

૨. ચિંતા ટળે.

૩. જડતા ટળે.

૪. ભીતિ ટળે.

૫. વહન થાય છે. યોગક્ષેમ-મનોરથ બને સફળ તમામ. આ પાંચ મહાતીર્થ ભક્તોના પ્રાણસમા છે.

એ સ્તુતિ બાવન ઓરડાનો રાજમહેલ છે. જેમાં શ્રી ગુરુભગવંતનો નિત્ય નિવાસ છે.

એ સ્તુતિ બાવન કલ્પવૃક્ષનું તારક ઉપવન છે.

દરેક અક્ષરના વળાંક એ શ્રી ગુરુભગવંતની ત્રિભંગી અવસ્થા છે.

હે ! બાવન પંક્તિના શ્રી ગુરુભગવંતના દિવ્યદેહ આપને નમસ્કાર. વારંવાર નમસ્કાર. નમસ્કાર હે ગુરુભગવંત આપના પ્રકટ સ્વરૂપને પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**–'મા' સર્વેશ્વરી**



## ॥ શ્રી ગુરુભગવંતની વાઙ્મયી આરતી : 'બાવની' ॥

[પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યપર્વે અર્થાત્ ૧૩મી નવેમ્બરે પરમ પૂજ્ય મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મશતાબ્દી વર્ષનો (તા.૧૫ ઑગસ્ટ, ૨૦૨૦-૨૦૨૧) શુભારંભ 'સ્વર્ગારોહણ'માં શુભારંભ શ્રી'મા' રચિત 'બાવનીના સ્તુતિપર્વ'થી થયો. જાણે નંગકુંદનયોગ !]

આપણે સૌ જાણીએ છીએ કે સ્વર્ગારોહણનું કોઈપણ પર્વ હોય તેનો પ્રારંભ પૂ.શ્રી ''મા'' હંમેશાં પૂ. શ્રી પ્રભુજીની 'બાવની સ્તુતિ' દ્વારા જ કરાવે, પછી તે વૃક્ષારોપણ પર્વ હોય, નવા ભવનનું નિર્માણ પર્વ હોય, વાસ્તુ પર્વ હોય કે કોઈ સત્કર્મ અથવા વિશેષ પર્વ હોય. પર્વનો પ્રારંભ પણ ''બાવની સ્તુતિ'' સાથે અને અંત પણ 'બાવની સ્તુતિ' સાથે.

પરમ પૂજ્ય શ્રી ''મા'' સર્વેશ્વરી દ્વારા રચિત આ સ્તુતિ શ્રી ગુરુદેવ પ્રભુના દિવ્યગુણોનાં દર્શન સાથેની ગુણાનુરાગી પૂજા છે. તો પ્રભુજીના જન્મશતાબ્દી વર્ષના પર્વનો પ્રારંભ પણ તેનાથી જ શોભે ને ! આપણે સૌ પૂ.શ્રી ગુરુદેવપ્રભુ-પૂ.શ્રી ''મા''નાં બાળકો ભારતની ભૂમિ ઉપર કે વિદેશની ધરતી ઉપર સાથે મળીને શ્રી પ્રભુજીની બાવનીના સ્તુતિગાનથી જ પર્વનો પ્રારંભ કરી દઈએ તો એ તેમની મહામંગલ પૂજા બની રહે.

પૂજ્ય શ્રી 'મા'નો પૃથ્વીપટે પ્રાગટ્યદિન તા.૧૩ નવેમ્બરે જ આ મહાપૂજા પ્રારંભ કરવાનો શ્રેષ્ઠ દિવસ ગણાય.

તા.૧૩ નવેમ્બર-૨૦૧૯થી ૧૫ ઑગસ્ટ-૨૦૨૦ દરમ્યાન

આપણી પાસે ૨૭૫ દિવસ છે. ભારતના અને વિદેશના દરેક નાના, મોટા ભક્ત રોજની ૧૧ બાવની સ્તુતિ કરે અને ભારતના તેમજ વિદેશના સૌ સાથે મળી કુલ ૪૦૦ ભક્તો આ ૧૧ બાવનીની પૂજા દરરોજ નિયમિત કરવાનું સ્વીકારે તો શતાબ્દી વર્ષના પ્રારંભ પહેલાં જ આપણે ૧૧ લાખ (અગિયાર લાખ) બાવની પ્રભુના ચરણે ધરી શકીએ. પૂજ્ય શ્રી 'મા' એ સૂચવ્યું; '૧૦ બાવની આપણી મહાપૂજાની અને ૧ બાવની આપણી ભૂલો અને પ્રભુજીને આ મહાપૂજાનો અર્ઘ્ય ધરતાં ધરતાં થયેલા માનસિક અપરાધોની ક્ષમા માટે.'

દરરોજની માત્ર ૫૦ મિનિટ-પ્રભુજીની આ વિશેષ પૂજા અર્ચન અર્થે સવારે ૨૫ મિનિટ, સાંજે ૨૫ મિનિટ, જેની જે અનુકૂળતા હોય તે, રસ્તામાં વાહન ચલાવતાં/જૉબ ઉપર જતાં આવતાં કે જ્યારે જ્યાં ફ્રી સમય મળે ત્યાં કરી શકાય કારણ તે સૌને કંઠસ્થ છે. જેને નહીં હોય તેને પણ થઈ જશે.

આ મહાપૂજનનો શતાબ્દીવર્ષપ્રારંભ પહેલાં આરંભ કરવાનું પણ એક વિશેષ કારણ છે. આ સ્તુતિ પૂ.શ્રી 'મા' જગદંબાએ સ્વયમ્ રચી છે. તેટલું જ નહીં પણ, આ સ્તુતિ શું છે ? શા માટે કરવાની છે ? તેની સરસ સમજ પણ પૂ.શ્રી 'મા' એ જ સ્તુતિની દિવ્યતાને વધાવતાં આપણને આપી છે. પૂ.શ્રી 'મા'ના જ અક્ષરદેહનો એ દિવ્ય પ્રસાદ પામ્યા પછી મનઃઅંતર આ મહાપૂજન કાર્યમાં જોડાવા સહેજે સપ્રેમે સહમત થઈ જશે.

**–'સંકલન' શ્રી રાજુભાઈ જાની**



## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૭૧**

**તા. ૨૭-૧-૮૩, ગુરુવાર, મહા સુદ તેરસ ૨૦૩૯**

**કેપટાઉન – રાયલેન્ડ વિસ્તાર**

સવારે સાંઈબાબાની સ્તુતિ કરી. લેખનનો નિયમિત ક્રમ. પછી પૂ.શ્રી થોડો આરામ કરે છે. અમારે હાથે ખીચડી ને શાક બનાવી લઈએ છીએ. ભોજન દરરોજની જેમ અમારા ઓરડામાં લઈએ છીએ.

ભોજન બાદ કેપપોઈન્ટ નામના સ્થાનમાં જવાનું હતું. યજમાન ભાઈની સોડા-લેમનની ફૅક્ટરી જોવા પણ તે ભાઈ અમને લઈ ગયાં. તેમાં પીણાંની દરરોજની અઢી હજાર બાટલીઓ તૈયાર થતી હતી. મશીનમાં જ જુદાં જુદાં ઍસેન્સ, સોડા ને પાણી ભેગાં થાય. તે મિશ્રણ જ્યાં તૈયાર થઈને નીચે આવે ત્યાં મશીનથી ધોવાયેલી બાટલીઓ ગોળાકારમાં ગોઠવાઈ જાય. તેમાં મિશ્રણ ભરાય. પછી તે બીજા મશીનની નીચે જાય. જ્યાં ઉપરથી ઢાંકણ ફીટ થાય. તે બાટલીઓ આગળ ચાલે ને ત્યાંથી તે બોક્સમાં મુકાય. તે બૉક્સનો જથ્થો મશીનથી ગોડાઉનમાં મુકાય. પછી, ત્યાંથી બહાર જાય. અહીંનો સામાન્ય વર્ગ પણ પાણીને બદલે ભોજન સમયે પણ પીણાં જ પીવા ટેવાયેલો છે. પરિણામે આવી ફૅક્ટરીઓ ઘણું સારું ઉત્પાદન કરી રહી છે. ૧૯૩૪માં યજમાનભાઈના પિતાજીએ આ ફૅક્ટરી સ્થાપી હતી.

ફૅક્ટરી જોયા બાદ અહીંથી અમે ૩૦ માઈલ દૂર દરિયાકિનારે આવેલ સાયમન ટાઉન જવા નીકળ્યાં. માર્ગમાં એક એવું શહેર આવ્યું, જ્યાં ફક્ત ગોરી પ્રજા જ રહેતી હતી. તેમાં અતિધનાઢ્ય વર્ગ જ રહે છે. તે શહેરનું નામ મ્યુઝશનબર્ગ હતું. તે શહેર વિવિધ સગવડોવાળું ને દરિયાકિનારે જ આવેલું છે. વચ્ચે ફીશહૂક નામનું શહેર પણ આવ્યું. માછલાંઓ પકડવાનું એ મોટું મથક હશે. આગળ ને આગળ, દરિયાકિનારે જ અમારી ગાડી ચાલી એટલે સાયમન ટાઉન આવી ગયું. આ શહેર દક્ષિણ આફ્રિકાનું પ્રવેશદ્વાર છે. તેથી દરિયાઈ માર્ગનું સંરક્ષણ ખાતું અહીં જાગ્રત છે. વિશાળ મિલિટરીનો વિભાગ આ શહેરમાં છે. પર્વતો ઉપર પણ અહીં સંરક્ષણનાં સાધનો તૈયાર ગોઠવેલાં છે.

સાયમન ટાઉનથી પણ અમે પહાડ ઉપર આગળ ને આગળ ચાલ્યાં. ત્યાંથી સપાટ જમીન પર પ્રવેશ કર્યો. ઘણા લાંબા ને રળિયામણા માર્ગે અમે જમીનના એ છેવટના ભાગે પહોંચી ગયાં. ત્યાં ગાડી નીચે મૂકી. અમે ત્યાંથી બસમાં બેસીને પર્વત પર ચઢ્યાં. તે બસ દસ-બાર મુસાફરો બેસે એવડી નાની જ હતી. ચઢાણ પર ગાડી ઉપર ચઢે એમ ન હતું. એ સ્થાન કેપપોઈન્ટ તરીકે જાણીતું છે. બસ મારફતે ઉપર ચઢ્યાં. ત્યાંથી પાછાં થોડું પગે ચાલીને દોઢસો-બસો પગથિયાં ચઢ્યાં. જ્યાંથી બે સમુદ્રોનો સંગમ જોવા મળ્યો. ડાબી બાજુ હિન્દી મહાસાગર ને જમણી બાજુ ઍટલાન્ટિક મહાસાગર લહેરાય છે. ઉપરથી એ દૃશ્ય અલૌકિક લાગતું



હતું. પંદર-વીસ મિનિટ રોકાઈને પછી પગથિયાં ઊતર્યાં. ત્યાં બસ તૈયાર જ હતી. અમે પાંચેય જણ બસમાં બેસી ગયાં. બસ ઊપડી. નીચે આવીને ગાડીમાં બેઠાં. ફરીથી સાયમન ટાઉન થઈને કેપટાઉનના રાયલેન્ડ વિસ્તારમાં ઉતારા ઉપર આવી ગયાં.

આરામ કર્યો. ફળાહાર લીધો. સમયસર પ્રવચન સ્થળે ગયાં. પ્રવચન ગુજરાતીમાં જ થયું. ત્રણ ભજનો ગવડાવ્યાં બાદ આરતી થઈ. આરતી બાદ સૌ છૂટાં પડ્યાં.

અહીં આનંદકુટિર નામના સ્થાનમાં શનિવારે યોગશિબિર થનાર છે. તેમાં પૂ.શ્રીને ખાસ આગ્રહ કરીને આમંત્રણ આપવામાં આવ્યું. પૂ.શ્રીએ ચર્ચા-વિચારણા બાદ એ આમંત્રણનો સ્વીકાર કર્યો.

પછી, ઉતારા ઉપર આવ્યાં. આરામ કર્યો.

હરિઃ ૐ

**–'મા' સર્વેશ્વરી**

---

'માથાનો દુખાવો દૂર કરે તે ડૉક્ટર અને જે માથાને જ દૂર કરી દે તે મંત્ર છે. ન રહે વાંસ ન વાગે વાંસળી ! માથું જ્યાં સુધી છે ત્યાં સુધી દુઃખ થતું જ રહેશે. તમારી સમગ્ર તકલીફ તમારું માથું છે, તમારા વિચાર છે. જો વિચાર ખોવાઈ જાય તો માથું ખોવાઈ જશે. ત્યારે તમે તો રહેશો, પરંતુ મન નહીં રહે. મનને જે મારી નાંખે તે મંત્ર. મન જ્યારે નથી રહેતું ત્યારે તમે શરીરથી અલગ થઈ જાઓ છો; જીવ શિવત્વને ઉપલબ્ધ થઈ જાય છે.'

## ॥ પૂજ્યશ્રી'મા'ના ઉપદેશની અનન્યતા ॥

હે મા ! અમારો તમારા પરનો ભક્તિભાવ અમારી બુદ્ધિશક્તિ કે સમજણને કારણે નથી પણ કેવળ એ 'તેજને' આભારી છે, જે આપશ્રી અમારા પર આટલા બધા પ્રમાણમાં વરસાવો છો.

'મા' તમે અમ સર્વને આવકારતાં એક સંકેત શું કરો છો કે, એ ક્ષણે અમને લાગે છે કે, અમે ઓળખાયાં સ્વીકારાયાં, સંરક્ષાયા-અમારા 'જીવનનો હેતુ' જાણે પરિપૂર્ણ થયો.

'મા' આપ તત્ત્વવેત્તા છો પણ પંડિત નથી, દૃષ્ટા છો. કેવળ બૌદ્ધિક સમજમાંથી નહીં પણ 'પ્રત્યક્ષ અનુભૂતિ'માંથી સ્લેટ પર લખો છો, જિજ્ઞાસુની જરૂરિયાત તેમજ ક્ષમતા પ્રમાણે બોધ આપો છો.

'મા' આપનો ઉપદેશ ઉત્તમોત્તમ હોય છે પણ એનો અભ્યાસ કરવો કે પડતો મૂકવો એ તમે અમારા પર છોડી દો છો. શું સમતા ! આ 'બિનદરમ્યાનગિરિ' જિજ્ઞાસુના જીવનના દરેક અંશ સુધી આપના 'સુકુમાર પ્રેમ' તરીકે પ્રસરે છે.

'મા' આપનું આસન એવું અડોલ છે કે, કશું આપના પર પ્રભાવ પાડી શકતું નથી. સંપૂર્ણ આવેશરહિતતા આપનામાં સદૈવ વરતાય છે.

'મા' આપ કોઈ વાદ-મત-અભિપ્રાય શીખવતાં નથી. પણ જિજ્ઞાસુએ પસંદ કરેલા માર્ગ પર આગળ વધવા પ્રેરો છો, સાથે સાથે પ્રેમતત્ત્વ એવું પ્રસારો છો કે દુર્ગમ માર્ગ સરળ, સરળતમ લાગવા માંડે.



'મા' 'ફરજ કે પ્રવૃત્તિ શ્રેષ્ઠ રીતે સંપન્ન કરતી વખતે 'ઉચ્ચતર શક્તિના ઉપકરણ' તરીકે કાર્ય કરવું. આપણે જગતના દેવાદાર છીએ. ઋણ અદા કરી કરી મુક્ત થઈ જવાનું છે પણ પ્રવૃત્તિ કે તેનાં પરિણામો પરત્વે સહેજ પણ આસક્ત થયા વિના ! આ વલણ હર કોઈએ જીવતાં-કાર્ય કરતાં રાખવાનું છે. આપણું સમગ્ર અસ્તિત્વ પોકારે કે; 'પરમ ચેતનાએ આ સર્વ મારા દ્વારા કર્યું છે' આ વિનમ્રતા આધ્યાત્મિક સમજની નિશાની છે.' -આ 'સત્ય' આપે એવું પ્રત્યક્ષ ઉદ્ઘાટિત કરી આપ્યું છે કે, આ સમજણ જ જીવનનો પર્યાય બની ગઈ છે.

'મા' આપ માત્ર પ્રેમ-કરુણાના સાગર જ નથી, સમર્થ શક્તિસ્વરૂપા પણ છો. કર્તુમઅકર્તુમ ને અકર્તુમને કર્તુમ કરો છો એની પ્રતીતિ અનેકવાર થઈ છે.

'મા' આપના મૌને શીખવ્યું છે કે, શોરગુલ મચાવવાની જરૂર નથી. જયજયકારની ઘોષણા પણ જરૂરી નથી. શબ્દોના ઘોંઘાટની આવશ્યકતા નથી, મૌનથી કામ ચાલી શકે. શાન્ત રહીને પણ ભક્તિભાવ અભિવ્યક્ત થઈ શકે.

'મા' જ્યારે સ્વયં પૂજ્યશ્રી યોગેશ્વરજીએ "'મા' યોગેશ્વર પરિવારમાં જોડાયાં નથી, આખું વિશ્વ જ 'મા' પરિવારનું છે અને આપણે સૌ એમાં જોડાયેલાં છીએ. નવરાત્રિમાં અહીં (સરોજબહેનને ત્યાં) તીર્થ જેવું વાતાવરણ છે. જ્યાં જગદંબા હરતાં ફરતાં હોય ત્યાં શેની કમી હોય ?" એમ કહ્યું ત્યારે આપનો પ્રતિભાવ હતો : 'પૂજ્યશ્રીની એ અનુભૂતિ હશે-હતી અને છેક થોડાં વર્ષ સાથે રહેવાનું હતું માટે પણ એ પ્રિય-પવિત્ર-ગોપનીય બાબત તેઓશ્રી સતત પ્રકાશિત કરતા રહ્યા. એમાં 'મા'ને

શું ?' —'મા' આપની આ સંપૂર્ણ અનાસક્તિ, સમૂળગી જાતનિરપેક્ષતા, ભારોભાર ગરિમાયુક્ત વિનમ્રતા; અમને અભિભૂત કરી નાખે છે. છતાં પવિત્ર ગોપનીય બાબત-'દિવ્ય રહસ્ય'નો છાનો-સ્વીકૃત સંકેત આપતા આપના શબ્દો આપ છો એના કરતાં ઘણે ઘણે ઊંચે આસને આપને પ્રતિષ્ઠિત કરી રહે છે. અને અમારા મન-હૃદયને અહોભાવથી ભરી, ધન્ય ધન્ય કરી દે છે.

'મા' આપ આધ્યાત્મિક શાંતિની સુગંધ છો, પૃથ્વી પરનું પરમ આશ્ચર્ય છો.

'મા' આપ મુક્તિ જીવો છો તેમજ દરેકને મુક્ત રહેવા દો છો.

'મા' આપ આકાશ જેટલાં વિશાળ, દરિયા જેટલા ઊંડા, સૂર્યકિરણ જેટલાં સાર્વત્રિક છો.

'મા' આપનો બોધ આત્માની દિવ્યતા, માનવઐક્ય અને ઈશ્વરીય અનન્યતાને એકસાથે પ્રગટ કરે છે.

'મા' સ્વાનુભૂતિનું સત્ય સામે મૂકતાં જાણે કહો છો : 'પ્રભુને જાણવા એટલે પ્રભુ જ થઈ જવું. જાણવું એ હોવું છે ને હોવું એ જ જાણવું છે.'

'મા' મંચ પરથી બોલાતા છટાદાર ભાષણ કોઈપણ સ્થાયી પ્રભાવ પાડવા નિષ્ફળ જાય છે, જ્યારે આપની પવિત્ર કલમમાંથી સરેલા એક એક શબ્દ, આપની નિઃશબ્દતા પણ અમારા આત્માને ઉજાગર કરવા સમર્થ છે.

'મા' આપનું શુચિતાભર્યું મૌન ઉચ્ચરિત શબ્દો કરતાં ઘણું વધારે પ્રભાવક છે.



'મા' આપનું શાંત-ગરિમાયુક્ત દર્શન હરકાળ અત્યંત સૂચક અને માર્મિક છે.

'મા' આપ પ્રભુઊર્જાના વાહક છતાં અતિ વિનમ્રતાથી માતૃસ્વરૂપે પ્રત્યેક બાળકનો પ્રભુમાર્ગે ઉત્કર્ષ ઝંખતાં ઊભાં છો.

હે મા ! આપના અંતઃકરણની સઘળી શુભ્રતા આપના શ્વેત પરિધાનમાં ઝળકે છે. શ્વેત બહિરંગ નથી, આપના અંતરંગનો પર્યાય છે. ઉપરથી ઓઢેલો નથી, અંતઃસ્તલમાંથી આવિર્ભૂત થયેલો છે.

'મા' આપ સાધારણતામાં અસાધારણતાનું ઐશ્વર્ય ભરીને બેઠાં છો. પોતાનો મહિમા પ્રગટ કરવાના કશા ઉધમાત વિના, પોતાના અંતરને અહર્નિશ અજવાળતા રહેવાની આપની નેમ તેમજ પોતાની ધરી પર જ સ્થિર રહેવા, અંતર્યામીની પૂજા આપને હંમેશાં સમ પર સ્થિત રાખે છે. પરિણામે આપના જીવનમાં સંપૂર્ણ સંવાદિતા જણાય છે.

'મા' જે ક્ષણે આપને સત્ય સમજાયું તે ક્ષણથી જ સત્ય આપ જીવી રહ્યાં છો. તેથી ફૂલ સુગંધ પ્રસારે, સરિતજલ અજસ્ર વહે એમ સંદેશ-ઉપદેશ-બોધ-અધ્યાત્મ-આપના જીવનમાં સહજ, સતત આવિર્ભૂત થતાં રહ્યાં છે. આપની જીવનકિતાબનાં પર્ણો એક પછી એક ખોલતાં જ અનુભવાય કે, 'આ જ તો છે આપનો સંદેશ !' આ જ તો છે આપનો ઉપદેશ !

**—સંકલન**

'મૌન એ પવિત્રતા-શુચિતાને અર્પી શકાય એવું મહત્તમ સન્માન છે. જ્યારે કોઈ તીર્થસ્થાનમાં આપણે પ્રવેશીએ છીએ ત્યારે બુટ-ચંપલ બહાર ઉતારી નાંખીએ છીએ બરાબર એ જ રીતે મૌનમાં પ્રવેશતાં જ આપણા શબ્દો-ઘોંઘાટ આપણામાંથી બહાર સરકી જાય છે.'

# ॥ ગુરુ વિષ્ણુ ॥

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિમાં બીજા સ્થાને છે અપરંપાર મહિમાવાન વિષ્ણુ. વિષ્ણુના સ્વરૂપને જોવાથી ગુરુની દ્વિતીય ભૂમિકા યથાર્થરૂપે સમજી શકાય, પણ દુર્ભાગ્યે કોઈએ આવો તુલનાત્મક વિચાર આજ સુધી કોઈએ કર્યો નથી. વિષ્ણુ એ સંસારના રક્ષક અને સંરક્ષક છે. શાસ્ત્રગ્રંથો પ્રમાણે એમનું મુખ્ય કાર્ય સંયોજન, ધારણ, કેન્દ્રીકરણ અને સંરક્ષણ છે. આ સંદર્ભમાં ગુરુના કાર્યને જોવાની જરૂર છે.

ગુરુ શિષ્યને એક સંયોજન આપે છે. એને જોડી આપે છે. એક બાજુ દશ્યજગતમાં વસતો શિષ્ય છે અને બીજે છેડે અદશ્ય જગતમાં વસતા પરમાત્મા છે. આ દશ્યનું અદશ્ય સાથે મિલન કોણ કરાવી આપે ? આવું મિલન ગુરુ દ્વારા શક્ય બનતું હોય છે. અહીં ગુરુ બ્રહ્માની ભૂમિકામાં નથી, હવે એ વિષ્ણુની ભૂમિકામાં છે. અહીં એ શિષ્યનું ધારણ, કેન્દ્રીકરણ અને સંરક્ષણ કરે છે અર્થાત્ શિષ્યને એ માર્ગ પર ટકાવી રાખે છે. એની આધ્યાત્મિક શક્તિઓનું કેન્દ્રીકરણ કરે છે અને એને રક્ષણ આપે છે. આથી જ વેદોમાં વિષ્ણુને સંસારના રક્ષક અને સંરક્ષક બંને કહ્યા છે. અહીં ગુરુ એ શિષ્યનો રક્ષક અને સંરક્ષક બંને છે.

એક અર્થમાં કહીએ તો ગુરુ એ સેતુરૂપ હોય છે. એક બાજુ સંસારમાં શિષ્ય ઊભો હોય અને એના સાવ સામા છેડે અસીમ એવા પરમાત્મા હોય, ત્યારે એમની વચ્ચે સેતુ બનવાનું કામ ગુરુ કરે છે. કોઈ વિશાળ મહાલયના ખંડમાં માત્ર એક જ બારી



હોય અને એ બારી ખોલતાં અનંતનો અસીમ અનુભવ થતો હોય, ત્યારે એ બારી ખોલવાનું કામ ગુરુ કરે છે.

ગુરુ એને અધ્યાત્મના અનંત આકાશનું અનુપમ દર્શન કરાવે છે, શિષ્યને કહે છે, ''જો, જો. આ પરમાત્માની લીલાનાં દર્શન કર. આ ઈશ્વરનો અનુભવ કર, આ શાશ્વત આનંદ પર દૃષ્ટિ કર.'' આ રીતે ગુરુ શિષ્યને અંતરમાં પરમનો સ્પર્શ કરાવે છે, કારણ કે એ ગુરુ પાસે પરમની પ્રાપ્તિનો અનુભવ છે, એની વાણીમાં એનું ગુંજન છે, એના સત્સંગમાં એનું અમૃત વરસે છે. એના દર્શનમાં એની ભાવના છે અને એથી ગુરુ સીમામાં વસતા શિષ્યને અસીમનું દર્શન કરાવે છે. આથી જ વિષ્ણુ શબ્દની ઉત્પત્તિ 'વિષ્ણુ' પરથી થઈ છે અને એનો અર્થ છે 'વ્યાપક થવું.' ગુરુ શિષ્યને વ્યાપકત્વ આપે છે. એના જીવનમાં જે અસીમનો એને કોઈ અનુભવ નહોતો, એ અનુભવ કરાવે છે. સીમાબદ્ધ શિષ્યને સાધનાના અસીમ વિશ્વની ઝાંખી કરાવે છે અને એને પાર રહેલા અગમનાં એંધાણ આપે છે. આ રીતે ગુરુનું 'વિષ્ણુકાર્ય' એ શિષ્યને અદશ્ય અને અસીમ એવા પરમાત્માનો અણસાર આપવાનું છે.

આ પરમનો અણસાર ગુરુ બે રીતે આપે છે. એક તો ગુરુ એમના જ્ઞાનથી મુમુક્ષુને એની ઓળખ આપે છે અને બીજું ગુરુ પોતાના આચરણથી એને અસીમની ઝાંખી કરાવે છે. ગુરુ અસીમની ઓળખ આપવાનું કાર્ય કરે છે, ત્યારે એ શિષ્યની શ્રદ્ધાને દૃઢાવવાની કોશિશ કરે છે. પરમનો સ્પર્શ પામવો એ અત્યંત કપરું કાર્ય છે. પરમાત્મા એ ખૂબ છટકણો પદાર્થ છે. એ

આપણી પાસે આવે, સહેજ ઝાંખી આપે અને ક્યાંક અદૃશ્ય થઈ જાય. ક્યારેક એ આપણને દૂરથી દેખાય છે, પણ એ સામે ચાલીને નિકટ આવતો નથી. ક્યારેક એની એક ઝલક જોવા મળે છે અને એ વીજળીના ઝબકારાની માફક તત્કાળ અદૃશ્ય થઈ જાય છે. ક્યારેક હૃદયમાંથી એનો મીઠો-મધુરો સૂર સંભળાય છે, પણ એનું અસ્તિત્વ દૃષ્ટિ-ગોચર થતું નથી. આને કારણે તો સંત-કવિઓએ પરમાત્મવિરહનાં કેટલાં બધાં પદો ગાયાં છે.

સમર્થ યોગીઓએ પણ પરમાત્મા સાથે યોગ સાધવા માટે પ્રબળ આધ્યાત્મિક પુરુષાર્થો કર્યા છે. આવા સંતાકૂકડી રમતા પરમાત્માને પામવાના પ્રયત્નમાં સાધકને ક્યારેક ઘોર નિરાશા જાગે છે. એની શ્રદ્ધા ચલિત થવા લાગે છે. એ હતાશ બની જાય છે, પોતાની અધ્યાત્મયાત્રા અધવચ્ચેથી અટકાવીને સંસારમાં પાછા ફરવાનો વિચાર કરે છે. એની શોધ માંડી વાળવાનો વિચાર કરે છે. એના મનમાં અનેક સંશયો જાગે છે.

**—પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

'તમે જો પરમાત્માને પૂરા હૃદયથી, સમગ્ર અસ્તિત્વથી ચાહો તો તેઓ તમારે માટે દિવ્ય કલ્પવૃક્ષ બની જાય છે, તમે તે વૃક્ષ નીચે જાઓ, કંઈ પણ ઇચ્છો ને તે ક્ષણે જ તમને તે મળી જાય છે. તેઓ કહે છે : 'તમે જે ઇચ્છો કે ઝંખો તે તમારું છે. જો તમે મને માગશો તો હું તમારો છું.''

**—સ્વામી ચિદાનંદ**



# ॥ શ્રી 'મા' આનંદમયી પ્રસંગપરાગ ॥

## (કાલીપૂજા, બલિ, પંચતત્ત્વાનુભૂતિ)

ટીકાટુલીમાં આશુતોષ બંદ્યોપાધ્યાય નામના એક સજ્જન રહેતા હતા. તેમનાં માતુશ્રીએ સ્વપ્નમાં કાલીદર્શન કર્યાં. તેમણે કાલીપૂજા કરાવી અને પૂર્ણાહુતિના સમયે બલિ માટે બકરો મંગાવ્યો. ભોળાનાથ લઈ આવ્યા.

'મા'ને નિમંત્રવામાં આવ્યાં હતાં. 'મા' પૂજાસ્થાને માથા નીચે લાલ સાડી મૂકી એક બાજુ પોઢ્યાં હતાં. ભોળાનાથ તલવારથી બકરાનો વધ કરવા તૈયાર થયા કે તરત 'મા' ઊભાં થયાં અને બકરા પાસે પહોંચી તેને બચાવી લીધો.

'મા'એ ગુસ્સે થઈ આશુતોષબાબુને કહ્યું, 'જા, પેલી લાલ સાડી પહેરી આવ.' તેમણે આજ્ઞાનું પાલન કર્યું. તેમના કપાળ પર 'મા'એ કંકુને ચાંલ્લો કર્યો અને બકરાને ઊંચકીને પોતાની પાછળ આવવા જણાવ્યું. લોકોએ તેમનું અનુસરણ કર્યું.

રમણા પાસેના તળાવે બધાં પહોંચ્યા પછી બકરો 'મા'ની સાથે શાહબાગ ગયો. 'મા'ના કાર્યક્રમોમાં એ બકરો અચૂક હાજર રહેતો. રાત્રે તે 'મા'ના ખાટલા નીચે સૂઈ જતો, એક દિવસ તે ઠંડીમાં ધ્રૂજતો હતો. 'મા'એ તેને કાળો કામળો ઓઢાડ્યો. તે 'મા' સામે જોઈ રહ્યો. તેને 'મા'એ કહ્યું, 'ગત જન્મમાં તું કાળો કામળો ઓઢનાર સંન્યાસી હતો.'

'મા' સૂઈ ગયાં. બકરો પણ સૂઈ ગયો. બીજા દિવસે 'મા' બહારગામ ગયાં. બકરો વાડ કૂદીને જતો રહ્યો. પછી ક્યારેય

દેખાયો નહીં. શક્ય છે કે તેની મુક્તિ થઈ ગઈ હોય.

આવી જ રીતે બીજી એકવાર પણ 'મા'એ વધસ્તંભેથી બકરાને બચાવ્યો હતો. એ દિવસે ડૉ. શશાંકબાબુને ત્યાં કૌટુંબિક દુર્ગાપૂજા હતી. તેમનાં કુટુંબીજનો ઘેર આવ્યાં હતાં. બધા ભાઈઓમાં શશાંકબાબુ સૌથી મોટા હતા એટલે 'મા'એ કહ્યું કે તેઓ જ પૂજા કરે.

આ રીતે પરંપરા પ્રમાણે ત્રણ દિવસ પૂજા થતી અને ત્રણેય દિવસ બલિ ચઢાવાતો. આ પૂજામાં આઠમના દિવસે ડૉ. શશાંકના કલ્યાણાર્થે ખાસ બલિ ચઢાવતો. પ્રણાલી મુજબ બે બકરાના બલિનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

પૂજાવિધિમાં મા હાજર હતાં. પારિવારિક પૂજાના બલિ માટે સુરેન્દ્રનાથ મુખોપાધ્યાય દુર્ગામાતાની મૂર્તિ પાસે જવા લાગ્યા ત્યાં તો 'મા' એકાએક ઊભાં થઈ ગયાં. તેઓ બે ઓરડાની વચ્ચેનાં બારણાની વચ્ચે જઈ ઊભાં રહ્યાં. બીજી બાજુ બકરાની ડોક ઉપર સુરેન્દ્રનાથની તલવાર વીંઝાઈ. પણ જેવી તલવાર વીંઝાઈ ને બકરાની ગરદન ધડથી જુદી થઈ ગઈ એમ બધાંને લાગ્યું ત્યાં તો વીજઝડપે બકરો ખસી ગયો ને તલવારનો ઘા ખાલી ગયો !

આવું થતાં સૌ ''મા', રક્ષા કરો ! રક્ષા કરો !' એવી બૂમો પાડવા લાગ્યા. ઘરમાં કોલહલ મચી ગયો. અપશુકન, અમંગળની એંધાણી જેવું થયું એમ માની 'મા' હવે કોપાયમાન થશે એવું માની બધાં ચિંતાતુર બન્યાં. આ બધા વચ્ચે બારણામાં ઊભેલાં 'મા' શાંત, સ્થિર અને આનંદમૂર્તિસમાં નિશ્ચલ હતાં.



ભોળાનાથ વ્યગ્ર થયા. તેઓ ઊભા થઈ 'મા' દુર્ગાની મૂર્તિ પાસે ગયા. સુરેન્દ્રનાથના હાથમાંથી તલવાર લઈ તેમણે બકરાને વધેરી નાંખ્યો. 'મા' ત્યારે બારણાંની વચ્ચે ચૂપચાપ સ્થિર ઊભાં રહ્યાં.

હવે બીજા બકરાનો વારો હતો. ખુલ્લી તલવાર સાથે તેને વધેરવા ભોળાનાથ આગળ વધ્યા. તેમણે તલવાર ઉગામી ત્યાં તો એક પળમાં 'મા' દોડીને બકરાને ગળે વળગી પડ્યાં. ઉગામેલી તલવાર પતિના હાથમાં થંભી ગઈ. તે બોલ્યા, 'આ શું ?'

'મા'એ કહ્યું, 'મારા હાથ કાપ્યા વગર બકરાને વધેરી શકશો નહીં.'

ભોળાનાથે તલવાર મૂકી દીધી. બકરાને વધસ્તંભેથી પાછો લઈ જવાયો. 'મા'એ તેના શરીર પર હાથ ફેરવ્યો. બકરો 'મા'નો કૃપાસ્પર્શ પામી મૃત્યુસ્તંભેથી નવજીવન પામી નાચતો-કૂદતો ચાલ્યો ગયો !

માએ સહુને કહ્યું, 'શશાંકબાબુના કલ્યાણાર્થે દર વર્ષે જે વિશેષ બલિ અપાય છે તે હવેથી નહીં અપાય.'

શશાંકબાબુ તથા તેમનાં સંતાનોના કલ્યાણની જવાબદારી જ્યારે સ્વયં માએ ઉઠાવી લીધી પછી આવા બલિની જરૂર ક્યાં રહી ? 'મા'નું શરણ લેનારનું રક્ષણ મા કરી રહ્યાં હતાં તેથી ન વિશિષ્ટ પૂજાની આવશ્યકતા હતી ન કોઈ બલિની. આ પ્રતીતિ થવાથી શશાંકબાબુ અને દીદીએ પરાપૂર્વથી ચાલી આવતી બલિની ક્રૂર વિધિનો ત્યાગ કર્યો અને નવા જીવનનો રાહ ગ્રહણ કર્યો.

'મા'નો કૃપાસ્પર્શ મનુષ્ય પૂરતો મર્યાદિત ન હતો, પશુપક્ષીઓને પણ મળતો. 'મા'ના સાન્નિધ્યમાં પશુઓની આંતરચેતના પણ ખીલી ઊઠતી. તેઓ સ્વભાવ ને પ્રકૃતિના ગુણધર્મોને અતિક્રમીને ભક્તો જેવો વ્યવહાર કરવા લાગતાં. આવા એક ભક્તની વાત માએ પોતે કરી હતી :

'શાહબાગમાં અમારે ત્યાં એક કૂતરી ક્યાંકથી આવી ચઢી. કીર્તન સમયે હું શાહબાગના નાચઘરમાં બેસતી ત્યારે એ મારી પાસે આવતી, મારા ખોળામાં માથું મૂકી કીર્તન સાંભળતી. તે કાળે ભાવાવેશમાં મંત્રો સ્ફુરતા અને અનાયાસે પ્રગટતા. એકાગ્ર થઈ એ મારા મંત્રો સાંભળતી. ઘણીવાર કૂદકા મારતી અને હર્ષથી ચીસો પાડતી. હરિલૂંટ થતી ત્યારે કૂદીને પતાસાં ઝીલતી અને ખાતી. કીર્તન પૂરું થતાં ઊભી થઈ, શરીર ખંખેરી પ્રસાદ લેવા જતી. આખો દિવસ કોઈની નજરે ન પડતી, છતાં રાત્રે કીર્તનમાં આવી જતી. શિયાળામાં વિયાઈ. બે-ત્રણ ગલૂડિયાંને જન્મ આપ્યો. હવે કીર્તનમાં સામેલ પણ થઈ. હરિલૂંટનો પ્રસાદ ખાઈ ચાલી ગઈ. થોડો દિવસ આમ ચાલ્યું. ઋણાનુબંધ પૂરો થતાં સદા માટે વિદાય થઈ ગઈ.'

'મા'ના સાન્નિધ્યમાં મનુષ્યેતર પ્રાણીઓ પણ હરિરસનો આસ્વાદ લઈ જન્મ સાર્થક કરી શકતાં એનું આ દૃષ્ટાંત છે.

ઈ.સ.૧૯૨૦ના મે માસમાં ભાઈજીએ ઢાકેશ્વરી મંદિરની સામે 'અચલ આશ્રમ' બંધાવ્યો. 'મા' ત્યાં પંદર દિવસ રહ્યાં. આ નિવાસ દરમિયાન તેઓ માત્ર તળાવનું ગંદું પાણી ગળાવીને પીતાં હતાં, અન્ન લેતાં ન હોતાં. થોડા દિવસ પછી તેમણે શરબત લેવાનું સ્વીકાર્યું. થોડા સમય બાદ તેમણે હાથની ત્રણ



આંગળીઓથી ફળના કકડા પકડીને માત્ર એકવાર મોંમાં મૂકવા માંડ્યા. આખા દિવસમાં માત્ર એટલું જ ખાતાં. આવા તો અનેક સંકલ્પો તેઓ કરતાં અને પાળતાં.

ઈ.સ.૧૯૨૭ના એપ્રિલમાં 'મા' હરદ્વાર કુંભમેળામાં ગયાં હતાં. ભાઈજી તથા નિરંજન રોયે શાહબાગમાં 'મા'નો પ્રથમ જન્મોત્સવ યોજ્યો ત્યારે તેમની ઉંમર ૩૧ વર્ષની હતી. ભાઈજી એ વખતે બીમાર હતા છતાં 'મા'ની કૃપાથી સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શક્યા હતા. માએ અનેક ભક્તોને રોગમુક્ત કર્યાં હતા.

શ્રી 'મા' બાર વર્ષ ને દસ માસની ઉંમરે સાસરે આવ્યાં હતાં. તે પછીના બાર વર્ષનો સમય સંસારની વચ્ચે રહી કરવાની સાધનાનો ગાળો હતો. બાર વર્ષનું આ આકરું તપ હતું.

'મા'ના જીવનમાં જ્યારે-જ્યારે જે-જે વસ્તુની જરૂર ઊભી થઈ ત્યારે-ત્યારે તે બધું સહજપણે મળતું રહ્યું. એવું જ સાધનામાં પણ બન્યું. તેમની પાસે ન કોઈ ગુરુ હતા, ન કોઈ શાસ્ત્રપ્રમાણ, ન કોઈ સાથસંગાથ કે ન સાધનાને સાનુકૂળ સ્થિતિ, તેમ છતાં ધ્યાન, ધારણા, સમાધિ, આસનો, પ્રાણાયામ, યોગમુદ્રાઓ, કુંડલિનીયોગ-આ બધું જ પોતાની અંદર સિદ્ધ કર્યું અને તેય સંસારની વચ્ચે રહીને. આરંભે તો ઘરકામ કરતાં-કરતાં નામસ્મરણ ને સાધના કરતાં. પછી તો અધિકાધિક અંતર્મુખ રહેવા લાગ્યાં. આ સ્થિતિમાં બહારનાં કામકાજ શક્ય બનતાં નહીં. રસોઈ કરતાં-કરતાં રસોઈ બાજુ પર રહી જતી, ઊલટાનું એમને સંભાળવાં પડતાં. એક દિવસ એમણે કહેલું, 'હું સંસારને છોડતી નથી, સંસાર જ મને છોડી દે છે. જાણે આ બધાં જ કાર્યો મને છોડી દે છે એવું લાગે છે.'

આ રીતે 'મા'નાં સઘળાં બાહ્ય કાર્યો એક પછી એક છૂટવા લાગ્યાં. પરંતુ સંસારના સઘળા સંતાપના, સુખદુઃખના સ્વાનુભવોમાંથી પસાર થવું જ પડ્યું હતું.

દુર્ગાપૂજાના દિવસો હતા. દસમના દિવસે કોઈને ખબર ન પડે તે રીતે 'મા' ઘરની બહાર નીકળી ગયાં ને ચાલતાં-ચાલતાં તળાવ પાસે આવી પહોંચ્યાં. પછી અણધાર્યાં તળાવમાં પડ્યાં.

બીજી બાજુ બધાં 'મા'ને શોધવા લાગ્યાં. શોધતાં-શોધતાં તળાવની પાળે આવ્યાં ત્યારે ખબર પડી કે 'મા' તો તળાવની અંદર છે ! 'મા' તો પાણીમાં આનંદથી તરી રહ્યાં હતાં. ભોળાનાથ અને શશાંકબાબુ પણ પાણીમાં પડ્યા. તેમને એમ હતું કે 'મા' તળાવમાંથી બહાર નીકળે એટલે નીકળીશું. પણ ઘણીવાર થઈ ગઈ તોયે તેઓ બહાર નીકળ્યાં નહીં. તેઓ ક્યાંય સુધી પાણીમાં રહ્યાં. આખરે બધાંએ ભેગાં મળી તેમને માંડમાંડ બહાર કાઢ્યાં.

થોડાં વર્ષો પછી આવી જ બીજી ઘટના પણ બની હતી. ત્યારે 'મા' તારાપીઠમાં હતાં. મહા મહિનાની ઠંડીના દિવસો હતા. રાત્રે દસ વાગ્યે ગરમ વસ્ત્રો પહેરીને 'મા' બહાર ફરવા નીકળ્યાં હતાં. ફરતાં-ફરતાં તેઓ પુષ્કરિણીને કાંઠે આવી પહોંચ્યાં. થોડીવાર ત્યાં ઊભાં રહ્યાં. પછી એકાએક તેમણે પાણીમાં ઝંપલાવ્યું. પુષ્કરિણીનું પાણી હિમ જેવું ઠંડું હતું, પણ 'મા' તો જાણે હૂંફાળા પાણીના હોજમાં તરતાં હોય એવા આનંદથી તરવા લાગ્યાં. આટલી રાત્રીએ બહાર નીકળ્યાં એટલે ધ્યાન રાખવા ભાઈજી 'મા'ની પાછળ પાછળ નીકળ્યા.

તેમણે દૂરથી જ 'મા'ને તળાવમાં પડતાં ને પછી તરતાં



જોયાં. હવે શું કરવું એની વિમાસણમાં તેઓ પડ્યા. તેઓ દીદીને બોલાવવા જતા હતા ત્યાં તો 'મા' પાણીમાંથી બહાર નીકળ્યાં. તેમનાં ગરમ વસ્ત્રો પાણીથી લથબથ થઈ ગયાં. માથાના વાળમાંથી પણ પાણી નીતરતું હતું. તેમણે બૂમ પાડી, 'ખુકુની...ઓ ખુકુની !'

'મા'ની બૂમ સાંભળી દીદી દોડતાં બહાર આવ્યાં ત્યારે તેમની સામે જોઈને 'મા' હસવા લાગ્યાં. બીજી બાજુ 'મા'ના દીદાર જોઈ દીદી સ્તબ્ધ થઈ ગયાં. પછી બોલ્યાં, 'આવી ઠંડીમાં તમે આ શું કર્યું, 'મા' ?'

હસતાં-હસતાં 'મા'એ કહ્યું, 'શું કરું, ખુકુની ? આ પુષ્કરિણી મને બોલાવતી હતી. તેનાં જળ મને નોતરી રહ્યાં હતાં. તેનો પોકાર સાંભળીને તો ઓરડામાંથી અહીં સુધી ખેંચાઈ આવી. પછી પાણીમાં ભૂસકો માર્યો ને હું પુષ્કરિણીને વળગી પડી. એ બહુ પ્રસન્ન થઈ, હું પણ પ્રસન્ન થઈ.'

'મા'ની આવી વાત સાંભળી દીદી શું બોલે ? તેમને જલદી ઓરડામાં લાવી તેમનાં ભીનાં વસ્ત્રો બદલી નાંખ્યાં.

પંચમહાભૂત પૈકી એક જળતત્ત્વ સાથેના તાદાત્મ્યની આ અનુભૂતિ હતી. આ રીતે જુદા જુદા સમયે 'મા'એ જળ, આકાશ, પૃથ્વી, અગ્નિ અને વાયુ-પાંચ મહત્ તત્ત્વો સાથે એકરૂપતાની અનુભૂતિ કરી.

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

## ॥ બ્રાહ્મમુહૂર્ત ॥

બ્રાહ્મમુહૂર્તનો સમય કેટલો બધો શાંત, સુંદર, સુખમય હોય છે ? પૂર્વાકાશમાં ઉષઃકાળના રંગો પ્રસર્યા હોય છે. પવનની તાજી લલિતલહરી પવનની પીઠ પર સવાર થઈને આજુબાજુ બધે વહેતી હોય છે. પંખીઓ પોતાના પુણ્યપ્રવાસને પ્રારંભતી વખતે શાંત, મધુર, સુસંવાદી કૂજન કરીને વાયુમંડળને રસમય કરી દે છે. બ્રાહ્મમુહૂર્ત તો એનાથી પણ વહેલું આરંભાય છે. સૂર્યોદયના ત્રણ કલાક પહેલાંના સ્વર્ણસમયથી એની અવર્ણનીય અમૃતમય અસર શરૂ થાય છે. સમસ્ત પ્રકૃતિ એ વખતે શાંત, કોલાહલરહિત, પ્રસન્ન તથા પુલકિત હોય છે. એ અભિનવ પ્રેરણા પ્રદાન કરે છે. ભક્ત કવિ નરસી મહેતાએ એ સરસ શાંત સમય વિશે ગાયું છે,

**રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી**
**સાધુ પુરુષને સૂઈ ન રહેવું;**
**નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ**
**એક તું એક તું એમ કહેવું.**

છ ઘડી રાત બાકી રહે ત્યારે અથવા બ્રાહ્મમુહૂર્તમાં જીવનનો સમુચિત વિકાસ કરવા માગનારા સત્પુરુષે કે સજ્જને સૂઈ ના રહેવું. એણે પ્રમાદને પરિત્યાગીને નિદ્રાને છોડી દેવી, ઈશ્વરનું સ્મરણ કરવું અને ઈશ્વર સિવાય કશું જ સનાતન નથી, સંપૂર્ણ સુખશાંતિ આપી શકે તેમ નથી એવું વિચારવું.

બરાબર છે. જીવનવિકાસના સાધકે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જવાની ટેવ પાડવી જોઈએ. વહેલી સવારે ઊઠીને આવશ્યક



શરીરશુદ્ધિથી નિવૃત્ત થઈને જપ, ધ્યાન, પ્રાર્થના, શાસ્ત્રાધ્યયન, આત્મચિંતનાદિનો આધાર લેવાથી મન સહેલાઈથી સ્થિર, એકાગ્ર અને શાંત થાય છે. એ વખતે વ્યાયામાદિનો આશ્રય લેવાથી આરોગ્યની દૃષ્ટિએ ઉપયોગી લાભ થઈ રહે છે. જે વહેલી સવારના શાંત સમયને એવી રીતે સાચવી લે છે તે સમસ્ત દિવસને સાચવી કે સુધારી શકે છે. એને નવી શક્તિ, પ્રેરણા, સ્ફૂર્તિ તથા તાજગીની પ્રાપ્તિ થાય છે. વહેલી સવારે ઊઠીને સમસ્ત દિવસનો કાર્યક્રમ પણ ઘડી શકાય છે.

બ્રાહ્મમુહૂર્તમાં વહેલી સવારે ઊઠીને આપણને ઊઠવાની શક્તિ આપનારા પરમાત્માની સ્મૃતિ તથા પ્રાર્થના કરવી જોઈએ. આપણે તો અચેત હતા. એ શક્તિએ જ આપણને ઉઠાડ્યા. એનો આભાર માનીએ. આપણા ફાળે આવેલાં સમય અને આપણને સાંપડેલી શક્તિઓનો સદુપયોગ કરવાનો અને કોઈએ કારણે દુરુપયોગ ના કરવાનો. સઘળો સમય બ્રાહ્મમુહૂર્તના સમય જેવો જ શાંત, સરસ, પ્રેરક, મંગલ લાગશે. ગમે ત્યારે પણ જાગ્રત રહી શકાશે. તોપણ બ્રાહ્મમુહૂર્તનો લાભ તો લેવાશે જ. એ લાભ અતિશય આનંદદાયક, અમોઘ, આશીર્વાદરૂપ થઈ પડશે.

જીવનનું પણ બ્રાહ્મમુહૂર્ત છે શૈશવ, કૌમાર્ય કે યૌવન. એ સમય દરમિયાન જ જડતામાંથી, અવિદ્યાની નિદ્રામાંથી જાગી જાય છે તે જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાનનો આરંભ કરી દે છે. તે ઘણું ઘણું મહત્ત્વનું મેળવી શકે છે. તેના જીવનનો પુણ્યપ્રવાસ સફળ, સુખકારક, સમૃદ્ધ, સાર્થક અને પોતાને અને અન્ય અનેકને માટે આશીર્વાદરૂપ કરે છે. જે જેટલો વહેલો જાગે છે તેને તેટલો જ વિશેષ લાભ મળે છે. જેનું શૈશવ,

કૌમાર્ય, યૌવન વીતી ગયું છે તે પણ જ્યારે પણ જાગ્રત થઈ શકાય ત્યારે જાગ્રત થઈ શકે તો તેથી લાભ જ છે. સાધનાત્મક સત્કર્મની, સંસ્કારોના સિંચનની, શરૂઆત જ્યારે પણ કરી શકાય ત્યારે કરવામાં આવે તો તે શ્રેયસ્કર તથા શાંતિપ્રદાયક જ થઈ રહે છે. શરીર વૃદ્ધ થાય તોપણ શરીરધારી શિશુ, કિશોર, યુવા રહી શકે છે. જીવનનો આધ્યાત્મિક વિકાસ દેશકાળ બાધિત અને અવસ્થાતીત હોવાથી એનો આરંભ ગમે ત્યારે કરી શકાય છે. એટલે જેમનાં સ્થૂળ બ્રાહ્મમુહૂર્તો છૂટી ગયાં હોય તેમણે સૂક્ષ્મ માનસિક અથવા આંતરિક બ્રાહ્મમુહૂર્તોને સાચવી લેવાં અને એમનો બને તેટલો વધારે ને વધારે લાભ લેતાં શીખવું જોઈએ.

—શ્રી યોગેશ્વરજી

'ભગવાનની ઉદ્‌ઘોષણા છે કે; 'જેઓ પોતાની જાત મને આપી દે છે તેમને હું મારી જાત આપી દઉં છું.' તેથી આ જ છે જીવન, આ જ છે સમય, અને આ જ છે મહાન તક. પ્રત્યેક દિવસ આ મહાન સદ્‌ભાગ્યની સભાનતા સાથે જીવો. પછી આપણે કશાયને પણ માટે પસ્તાવો કરવાનો નહીં રહે. આપણી પાસે આનંદવા માટેનાં જ બધાં કારણો હશે.'

—સ્વામી ચિદાનંદ

'ભગવાન સાથેના ગાઢ સંબંધ દ્વારા જ્યારે તમે તમારી અંદર આનંદના અમૃતનો આસ્વાદ માણો છો ત્યારે તમે પૃથ્વી પરની સૌથી વધુ પ્રસન્ન વ્યક્તિ હો છો.'

—સ્વામી રામદાસ



# ॥ મૂકં કરોતિ વાચાલમ્ ॥

આપણે અતીતકાળથી માંડીને અદ્યતન કાળપર્યંત પરંપરાગત રીતે બોલતા અથવા સાંભળતા આવ્યા છીએ કે જેમની કૃપા મૂંગાને બોલતા કરે છે, વાણી વગરનાને વાણી આપે છે, અને પંગુને પર્વતને પાર કરવાની, પર્વત પરથી પસાર થવાની શક્તિ આપે છે, તે પરમાનંદસ્વરૂપ પરમાત્માને, ભગવાન કૃષ્ણને વંદન કરું છું. એ અર્થનો શ્લોક આપણે ત્યાં સુપ્રસિદ્ધ છે અને અવસરને અનુલક્ષીને અવારનવાર બોલાયા કરે છે.

**મૂકં કરોતિ વાચાલં, પંગું લંઘયતે ગિરિમ્ ।**
**યત્કૃપા તમહં વંદે પરમાનંદ માધવમ્ ॥**

પરમાત્માની પરમશક્તિ, એમની અસાધારણ અનુકંપા અથવા અનુગ્રહશક્તિ શું ના કરી શકે ? એને માટે કયું કામ અશક્ય છે ? એ મૂંગાને વાણી તો આપે જ છે પરંતુ એના જ અનુસંધાનમાં જરાક જુદી રીતે વિચારીએ તો, જે સદાને માટે મૂંગાં બની ગયાં છે, જીવનને ખોઈ બેઠાં છે, જેમના જીવન પર મરણનો કામચલાઉ પડદો પડી ચૂક્યો છે, તેમને નવજીવન આપે છે, એમની વાણીની ને બીજી બધી જ ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં પ્રવૃત્ત કરે છે. એમને પર્વત પાર કરવાની શક્તિ આપે છે. કહે છે કે કોઈક પુરુષ પોતે જે વૃક્ષની શાખા પર બેઠેલો તેને જ કુહાડાથી કાપવાની કમનસીબ પ્રવૃત્તિ કરતો'તો. એક સંતપુરુષને એ જોઈને દયા આવી. એ મંદબુદ્ધિ માનવને માટે અનુકંપા પેદા થઈ. એમણે એને નીચે ઉતારીને એની જીભ પર મંત્રલેખન કરીને એને ઉજ્જવળ જીવનનો

અમોઘ આશીર્વાદ આપ્યો. એ મંદમતિ માનવનું ભાગ્યચક્ર ફરી ગયું. વખતના વીતવાની સાથે એને અવનવી શક્તિની પ્રાપ્તિ થઈ અને એ એક મહાકવિ બની ગયો. આદ્ય શંકરાચાર્યને માટે કહેવાય છે કે એમના દક્ષિણના પ્રવાસ દરમિયાન એક ગામમાં એક જન્મથી મૂંગા બાળકને એમણે હે બાળક, તું કોણ છે ? કોનો છે, ક્યાંથી આવ્યો છે, ક્યાં જવાનો છે, અને તારાં માતાપિતા કોણ છે, એવા પ્રશ્નો પૂછ્યા તો તે બાળકને દિવ્ય શક્તિ સાંપડી ને એણે કહેવા માંડ્યું કે હું મનુષ્ય નથી, દેવ નથી, યક્ષગંધર્વ નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર નથી, બ્રહ્મચારી, ગૃહસ્થી, વાનપ્રસ્થી, સંન્યાસી નથી. હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ, કલ્યાણકારક પરબ્રહ્મ પરમાત્મા છું. એ બાળકનું નામ શંકરાચાર્ય મહારાજે હસ્તામલકાચાર્ય પાડેલું. એને અલૌકિક રીતે વાણી પ્રાપ્તિ થયેલી.

એક પંગુને મેં ઠેઠ બદરીનાથમાં જોયેલો. તે યાત્રા કરીને આવેલો. એણે જણાવ્યું કે મને મારા પ્રભુ લાવ્યા છે. એણે જ મને શક્તિ આપી છે. સાચું છે. પ્રભુ પોતાના પ્રેમી કે શરણાગતને એવી અનુકંપાપૂર્ણ અસામાન્ય શક્તિ આપે છે કે જેથી તે જીવનમાં આવતા સાધારણ તો શું પરંતુ પીડા, પ્રતિકૂળતા, વિઘ્નો, અંતરાયોના અસાધારણ પ્રખર પર્વતોમાંથી પણ રસ્તો કરીને આગળ વધે છે. ઈશ્વરના અનુગ્રહથી સર્વ કાંઈ શક્ય બને છે.

એ સંદર્ભમાં એ શ્લોક સાર્થક ને પરમપ્રેરક છે. છતાં પણ એને એક બીજા સંદર્ભમાં પણ વિચારવા જેવો છે. એ સંદર્ભ અભિનવ છે. પરંપરાગત નથી.

ભગવાન કૃપા કરે છે ત્યારે મૂંગાને વાણી આપીને બોલતા કરે છે એ તો યથાર્થ છે જ પરંતુ એ પણ એટલું જ સાચું છે કે



ભગવાનની કૃપાથી વધારે પડતા વાચાળ, બોલકણા કે વાદવિવાદપરાયણ પુરુષો એમાંથી ઉપરામ બનીને મૂંગા બની જાય છે. એ ભાવાર્થ માટે 'વાચાલં મૂકં કરોતિ' એવો ક્રમ લઈ શકાય. 'મૂકં કરોતિ વાચાલમ્'માં પણ એવો ભાવાર્થ સમાયેલો જ છે. સંસ્કૃત ભાષાની એ ખૂબી છે કે એના શબ્દોને અનુકૂળતાનુસાર આગળ-પાછળ કે વચ્ચે ગમે ત્યાં ગોઠવી શકાય છે અને એ છતાં પણ એમના ભાવાર્થમાં કશો ફેર નથી પડતો. ખીચડી કાચી હોય છે ત્યાં સુધી બોલ્યા કરે છે, પરંતુ પૂરેપૂરી પાક્યા પછી શાંત થઈ જાય છે. તેમ જેને તત્ત્વનો અપરોક્ષાનુભવ અથવા સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે તેની ચંચળતા ટળી જાય છે, તેના સંકલ્પવિકલ્પ શમી જાય છે. એ ઊંડી શાંતિને અનુભવે છે. એ સંદર્ભમાં એ શબ્દોને સમજવા જેવા છે. સ્વાનુભવની એવી અસાધારણ અવસ્થા પર આસીન થયેલા સંતશિરોમણિ કબીર સાહેબે પોતાના મનોભાવોને વ્યક્ત કરતાં કહ્યું છે કે મન પરમાત્માના પ્રેમરસમાં ડૂબીને મસ્ત બની ગયું છે. હવે શું બોલું ? વસ્તુ હલકી હતી ત્યારે ત્રાજવે ચઢાવવામાં આવેલી. હવે તે પૂરી થઈ છે તો તેને કોણ ને શા માટે તોળે ? સાહેબ શરીરની અંદર છે. એમને અવલોકવા દૃષ્ટિને બહિર્મુખ શા માટે કરે છે ? રાજહંસને માનસરોવર મળી ગયું છે. આત્મા એના મૂળ સનાતન સચ્ચિદાનંદ સ્વરૂપમાં સ્થિતિ કરે છે. હવે તે તળાવ તથા સરોવરને શા માટે શોધે ? હે સાધુપુરુષ, સાંભળો, સાહેબ અંદર જ મળી ગયા છે. હીરો મળી ગયો તેને ગાંઠે બાંધ્યો છે, હવે વારંવાર શા માટે ખોલી બતાવે ? કબીર કહે છે કે,

**મન મસ્ત ભયા તબ ક્યોં બોલે.**
**હલકી થી તબ ચડી તરાજુ, પૂરી ભઈ અબ ક્યોં તોલે ?**

**તેરા સાહિબ હૈ ઘટમાંહી બાહર નૈનાં ક્યોં ખોલે ?**
**હંસા પાયો માનસરોવર, તાલતલૈયાં ક્યાં ખોજે ?**
**હીરા પાયો ગાંઠ ગઠિયાયો, બારબાર વાંકો ક્યોં ખોલે.**
**કહત કબીરા સુનો ભાઈ સાધો સાહિબ મિલ ગયે તિલ ઓલે.**

પરમાત્માની શરણાગતિ, પ્રીતિ તથા પ્રાપ્તિની શક્તિ તથા શક્યતા એવી અપાર છે. એ શ્લોકમાં એની પ્રત્યે અંગુલિનિર્દેશ કરવામાં અને એમનું શરણ લેવાનો કે અનુસંધાન સાધવાનો સંદેશો આપવામાં આવ્યો છે. પરમાત્માની કૃપા શું નથી કરતી ? પેલા ભક્તકવિએ ગાયું જ છે કે,

**હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે.**
**જેની સુરતા શામળિયા સાથ વદે વેદ વાણી રે.**
**વહાલે ઉગાર્યો પ્રહ્‌લાદ, હિરણ્યકશિપુ માર્યો રે,**
**વિભીષણને આપ્યું અવિચળ રાજ, રાવણ સંહાર્યો રે.**

પછી કહે છે કે વહાલે મીરાંબાઈનાં ઝેર પીધાં, નરસી મહેતાને હાર આપ્યો. પાંચાળીનાં ચીર પૂર્યાં, પાંડવોને મદદ કરી.

એવાં ઉદાહરણો અનેક છે. એમનો વિચાર કરીને, એમાંથી પ્રેરણા મેળવીને, સૌએ પરમાત્માની પ્રેમભક્તિના માર્ગે આગળ વધવાનું છે. પરમાત્માનું સાચા દિલથી શરણ લેવાનું ને સ્મરણ કરવાનું તથા પરમાત્માના પ્રેમપીયૂષના, અસાધારણ અલૌકિક અનુગ્રહના, ચાતક બનવાનું છે. એમની કૃપા સર્વપ્રકારે કલ્યાણકારક ઠરે છે, આસુરી સંપત્તિનો નાશ કરે છે, જીવનને શાશ્વત સુખ, શાંતિ અને પરમાનંદથી ભરે છે.

**–શ્રી યોગેશ્વરજી**



# ॥ જગદંબાનાં ત્રણ રૂપ ॥

**શા**સ્ત્રો કહે છે કે પરમાત્માની પવિત્ર પ્રખર પ્રેમભક્તિનો પ્રવાહ જેના જીવનમાં વહેવા લાગે છે તેનું જીવન ધન્ય થાય છે. પરમાત્માના પ્રેમનો પવિત્ર પ્રકાશ જેના પ્રાણમાં પથરાઈ જાય છે, તેનો પ્રાણ પુલકિત અને પ્રસન્ન થાય છે. તથા તેના નેત્રોમાં પરમાત્મા સિવાય જાણે કે કાંઈ રહેતું જ નથી. એ સર્વત્ર ને સર્વકાળે પરમાત્માની જ ઝાંખી કરે છે. ‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ’ એ અનુભવવચન જાણે કે એના સંબંધમાં સાચું ઠરે છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ એ શાસ્ત્રકથનના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા. એમની અંદર પ્રકટ થયેલી પરમાત્માની પાવન પ્રેમભક્તિ વખતના વીતવા સાથે પરાકાષ્ઠાએ પહોંચી હતી. એ પ્રખર પ્રેમભક્તિએ એમનું આમૂલ પરિવર્તન કરી દીધેલું. અને એમના અસ્તિત્વના અણુએ અણુમાં ફરી વળીને એને અલૌકિક કરેલું.

એ પરમાત્માની પ્રેમભક્તિથી સદા તરબોળ રહેતા એમ કહીએ તો ચાલે. પરમાત્માને એ મોટા ભાગે ‘મા’રૂપે ભજતા ને ‘મા’ કહીને પોકારતા. એ મહાશક્તિ ‘મા’, અથવા જગદંબાનાં પદો ગાતા કે સાંભળતા. એને યાદ કરતા, અને એના ગુણાનુવાદ કરતા. એ ભાવવિભોર બની જતા ને અવારનવાર સમાધિમાં પણ ડૂબી જતા.

ભક્તિના પ્રભાવથી એમનું અંતર એકદમ નિર્મળ બની ગયેલું. એમાં કામવાસનાના અંકુરો જાણે કે ઉગતા જ નહીં. એ એક પ્રકારની ઊંચી નખશીખ નિર્મળતાનો અનુભવ કર્યા કરતા. આગળ પર એમણે એમના પ્રશંસકો કે ભક્તોને કહેલું તે પ્રમાણે

એમની પવિત્રતાની કસોટી કરવા માટે એ પોતાની પત્ની શારદાદેવી સાથે લગભગ છ મહિના લગી એક જ પલંગ પર સૂઈ રહેલા. એ વખતના અનુભવનો ઉલ્લેખ કરતાં શારદાદેવીએ પાછળથી કહેલું કે એ મારી પાસે એક નિર્દોષ બાળકની પેઠે શાંતિથી પડી રહેતા. કોઈ કોઈ વાર રાતે તે જાગી જતા ને જોતી તો એ પલંગ પર મારી બાજુમાં જ સમાધિમાં બેઠેલા દેખાતા. મને કોઈ જાતનો ભય ન લાગે એટલે એમણે કહેલું કે એ અવસ્થાને જોઈને જરા પણ ગભરાવું નહીં. એટલું જ નહીં. પરંતુ કોઈ વાર લાંબા વખત લગી મને ભાન ન આવે તો મારા કાનમાં પ્રણવનો અથવા કોઈપણ ભગવાનના નામનો ઉચ્ચાર કરવો. એથી મને ભાન આવી જશે. એમના કહેવા પ્રમાણે એમને સમાધિની ઊંડી દશામાં લાંબા વખત લગી ડૂબેલા જોઈને કેટલીયે વાર મારે એ પ્રયોગ કરવા પડતા ત્યારે એ એમાંથી જાગ્રત થતા ને મને શાંતિ વળતી, પછી તો હું એથી ટેવાઈ ગઈ. અને એમને સાધનામાં સહાય કરતી ગઈ.

રામકૃષ્ણદેવની જેમ શારદાદેવીને પણ એ માટે ધન્યવાદ ઘટે છે. એ પણ રામકૃષ્ણદેવની સાધનામાં અનેક રીતે મદદરૂપ થઈ શક્યાં ને પોતે પણ સર્વોચ્ચ કોટિના સાધિકા બન્યાં.

એમનો સંબંધ કેટલો બધો ઉદાત્ત અસાધારણ અને દિવ્ય હશે ? જે કેવળ શરીરસંબંધને જ સ્ત્રી-પુરુષના લગ્નજીવનનું ધ્યેય અથવા એક માત્ર પ્રયોજન કે લાયસન્સ માને છે તે એમના એ અતિ અદ્‌ભુત ઉદાત્ત, આત્મસંબંધને નહીં સમજી શકે. એમની પવિત્ર પ્રેમભક્તિને લીધે એ સૌમાં જગદંબાના અપાર્થિવ પ્રકાશની ઝાંખી કરતા. એવી ઝાંખી એમના માટે તદ્દન સ્વાભાવિક બની ગયેલી. એવા જીવનમાં પછી કામુકતા કેવી રીતે પેદા થાય ? એ સંબંધી એક બીજા સુંદર પ્રસંગનું સ્મરણ



આપોઆપ થઈ આવે છે.

એકવાર રાતના વખતે રામકૃષ્ણદેવ સૂતા હતા ને શારદાદેવી એમના પગ દબાવી રહેલાં.

એ વખતે એમને એકાએક વિચાર થઈ આવ્યો કે રામકૃષ્ણદેવની મનોવૃત્તિ ક્યાં રમે છે તે જરા જોઉં તો ખરી.

એ વિચારથી પ્રેરાઈને એમણે પૂછ્યું,

કહો તો હું તમારી શું થાઉં ?

રામકૃષ્ણદેવે એક વિપળનાય વિલંબ વિના તરત જ ઉત્તર આપ્યો.

'કેમ ? એમાં વળી પૂછવાનું શું છે ? એક રૂપમાં 'મા' મંદિરમાં બિરાજે છે, બીજા રૂપમાં એણે જનેતા બનીને મને જન્મ આપ્યો છે, ને ત્રીજા રૂપમાં એ તારી દ્વારા મારા પગ દાબી રહી છે. તમે ત્રણે એક જ છો, તમારામાં કોઈ જ ભેદ નથી.'

શારદાદેવી તો આભાં જ બની ગયાં.

'આજે, એ પ્રસંગને આટલા બધાં વરસો વીતી ગયાં છે. તો પણ રામકૃષ્ણદેવના એ લાક્ષણિક ઉત્તર અનેકને આભા બનાવશે. પરંતુ એમાં આભા બનવા જેવું કશું જ નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં પોતાના ઈષ્ટની ઝાંખી કરવી એ આદર્શ, સાચા ભક્તનો સ્વભાવ હોય છે. એ સ્વભાવનો આછોપાતળો પાવન પડઘો જ આ પ્રસંગમાં પડી રહ્યો છે.'

ધન્ય એ રામકૃષ્ણદેવ અને ધન્ય એ શારદાદેવી ! એમના ચરણમાં પ્રણામ ! કોટિ પ્રણામ ! એ પોતાની અહેતુકી અલૌકિક કૃપાવૃષ્ટિ વરસાવીને આપણા અંતરને પણ એવું અલૌકિક કરે કે પરમાત્મભાવથી ભરે !

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ સંસિદ્ધિની અલૌકિક અવસ્થા ॥

ઈ.સ.૧૯૬૦નું વર્ષ સાધનાત્મક રીતે શકવર્તી નીવડ્યું. જમીનમાં નાંખવામાં આવતું બીજ બહાર ના દેખાય કે વૃદ્ધિ પામતું ના જોવાય તો પણ અંદરખાને પોતાની પ્રવૃત્તિ કર્યા કરે છે. એક ધન્ય સાર્થક ક્ષણે એ અંકુરના રૂપમાં બહાર ઊગી નીકળે છે ત્યારે અભૂતપૂર્વ આનંદ આપે છે. જેમને બીજના આરોપણની માહિતી નથી હોતી એમને અંકુરનો એ આવિર્ભાવ આકસ્મિક અને આશ્ચર્યકારક લાગે છે. પરંતુ કુદરતી કાનૂનને સમજનારની ઉપર એવી પ્રતિક્રિયા નથી થતી. એ તો સ્પષ્ટતયા સમજે છે કે બીજ એના નૈસર્ગિક નિયમાનુસાર જ અંકુરના આકારમાં આવિર્ભાવ પામ્યું છે. આત્મિક સાધનાના ક્ષેત્રમાં પણ જુદા જુદા અવસર દરમિયાન જે બીજારોપણ કરવામાં આવે છે એના અંકુરો, એનાં સિદ્ધિરૂપી ફળો કે સુપરિણામો તરત ને તરત જ નથી દેખાતાં, તો પણ એ બીજારોપણ નકામું નથી જતું. નૈસર્ગિક નિયમને અનુસરીને એ એક દિવસ અંકુરિત થાય છે, બહાર નીકળે છે અને દૃષ્ટિગોચર બને છે કે અનુભવાય છે ત્યારે અનેકને આશ્ચર્યચકિત કરે છે. મારા સાધનાત્મક જીવનમાં પણ એવો જ અસાધારણ અવસર આવી પહોંચ્યો. ઈ.સ.૧૯૬૦ની શરૂઆતમાં સંસિદ્ધિની એક અલૌકિક અવસ્થાનો એકાએક આરંભ થયો. છેલ્લા કેટલાય વખતના, સુદીર્ઘ સમયના ઉપવાસ, પોકાર તથા પ્રાર્થનાવ્યાપાર જાણે કે સાર્થક અથવા સફળ થયા.

એ વખતે વહેલી સવારે સ્નાનાદિથી પરવારીને હું મુંબઈમાં વાલકેશ્વર પરના ખીમજી જીવા સૅનેટોરિયમના મારા વિશ્રામખંડમાં બેઠેલો ત્યારે પરમાત્માની જે પરાત્પર સર્વસમર્થ મહામહિમામયી શક્તિનો અને ધ્યાનાવસ્થામાં વારંવાર સંસ્પર્શ અથવા સાક્ષાત્કાર થતો તે શક્તિ અથવા જગદંબાનો સંસ્પર્શ



અથવા સાક્ષાત્કાર જાગૃત દશામાં સ્થૂળ ભૂમિકા પર થવા માંડ્યો અને એ પણ એક વિપળના વ્યવધાન વિના અખંડ અથવા સતત રીતે હરતાં ફરતાં કે કોઈપણ ક્રિયા કરતાં અનુભૂતિની એ અવસ્થા અનવરત રીતે ચાલુ રહી. એ અવસ્થા દરમિયાન પરમાત્માની એ પરાત્પર પરમ ચેતનાનો સનાતન સંપર્ક અને એની સાથેનો ઇચ્છાનુસાર વાર્તાલાપ શક્ય બન્યો. એ અવસ્થાવિશેષને દૈવી શક્તિના અવતરણની અવસ્થા કહેવા કરતાં દૈવી શક્તિના અલૌકિક અદ્‌ભુત આવિર્ભાવની અવસ્થા કહીએ એ વધારે ઉચિત લેખાશે. એ અનેરી અનુભૂતિથી મને અવર્ણનીય આત્મસંતોષ અને આનંદ થાય એ સ્વાભાવિક હતું. વરસોનાં તપ, વ્રત અને વેદના સફળ થયેલાં લાગ્યાં, સાધનાની સાર્થકતા દેખાઈ. શરીરધારણની ધન્યતા અનુભવાઈ. જે સનાતન પરમશક્તિ, સત્તા કે ચેતનાનો અનુભવ સુદીર્ઘ સમયની સાધના પણ કોઈક સૌભાગ્યશાળી સુસંસ્કારી સત્કર્મપરાયણ સાધકને સમાધિદશામાં ભાગ્યે જ થાય તે શક્તિ, સત્તા કે પરમ ચેતના મારે માટે અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિ મટીને પ્રત્યક્ષ થઈ, એકાદવારની અનુભૂતિ મટીને ક્ષણેક્ષણની શાશ્વત સ્વાનુભૂતિ થઈ, એ કૃતકૃત્યતા કાંઈ ઓછી ન હતી. મારું અંગેઅંગ આનંદાર્ણવમાં અવગાહન કરવા માંડ્યું. જગદંબાના એ અસાધારણ અવર્ણનીય અનુગ્રહને લીધે અંતર ભાવવિભોર બનીને અશ્રુબિંદુના રૂપમાં ટપકવા લાગ્યું.

પરમાત્માની પરમ ચેતનાના સ્થૂળ ભૂમિકા પરના એ અનુભવની અલૌકિક અવસ્થા ત્યારથી નિત્યનિરંતર ચાલુ જ રહી છે. એ દેશકાળથી અતીત, દેશકાળનિરપેક્ષ અવસ્થામાં એક વિપળનોય વિક્ષેપ નથી પડ્યો. પહેલાં જગદંબાના સંપર્ક માટે ધ્યાન ધરવું કે પ્રાર્થવું પડતું. હવે એવી આવશ્યકતા ના રહી. ધ્યાન, સમાધિ અને જાગૃતિના ભેદ મટી ગયા. શરીર સંજીવનથી સંપન્ન બન્યું અવનવી બૅટરીથી ચાર્જ્ડ બન્યું,

ચિન્મય બન્યું.

એ અલૌકિક અનુભૂતિના સુપરિણામે કેટલીય અવનવી શક્તિઓનો આવિર્ભાવ થયો. રેડિયો પર જેમ ઇચ્છાનુસાર કોઈપણ સ્ટેશનને વગાડી કે સાંભળી શકાય તેમ વિશ્વમાં વિરાજતા કે વિચરતા કોઈપણ સૂક્ષ્મ શરીરધારી સિદ્ધ મહાપુરુષનો સંપર્ક સંકલ્પમાત્રથી સત્વર સધાવા લાગ્યો. ગમે તે આત્માનું આહ્‌વાન કરીને એની સાથે વાર્તાલાપ કરવાનું શક્ય બન્યું. વૈદિક ઋષિઓ દેવતાનું આહ્‌વાન કરતા તે વાત યથાર્થ લાગી. ભૂતભાવિના ભેદ સરળ બન્યા. જીવન પરમાત્માની પરમશક્તિ કે જગદંબાના સીધા પવિત્ર પથપ્રદર્શન પ્રમાણે એની જ લીલારૂપે ચાલવા લાગ્યું. તન, મન, વચન, અંતર સઘળું એનો આધાર બન્યું. કોઈવાર એવું બનતું કે શાસ્ત્રોનાં ગૂઢતમ રહસ્યોને સમજાવવામાં મુશ્કેલી લાગતી ત્યારે એમના રચયિતા મહાપુરુષની મદદથી એ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરાતું ને મને સંતોષ સાંપડતો. કેટલીક વાર માની વિરાટ વિભૂતિ તો કેટલીક વાર એ મહાપુરુષો મારા દ્વારા લેખનકાર્ય પણ કરવા લાગ્યા. મોટા મોટા સાધકો તથા સંતોને માટે પણ એવી અલૌકિક અવસ્થાને સમજવાનું કામ કપરું છે તે જાણું છું. એને સમજવાની વાત તો દૂર રહી પરંતુ એની સુચારુરૂપે કલ્પના કરવાનું કામ પણ કઠિન છે. છતાં પણ એની વાસ્તવિકતાની મને પ્રતીતિ થઈ. માનું સતત સાન્નિધ્ય સાંપડ્યું; અખંડ અનવરત અનુસંધાન મળ્યું. એ ઘટના જીવનની અમૂલખ આશીર્વાદરૂપ અમર ઘટના બની ગઈ. એથી અધિક શું લખું? એ રહસ્યમય અલૌકિક અનુભૂતિનાં કેટલાંક રહસ્યો વ્યક્તિગત હોવાથી મારા પોતાના પૂરતાં મર્યાદિત અને સુરક્ષિત રહે એજ ઉચિત છે. એનું આટલું આલેખન પર્યાપ્ત છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ॥ વિવેકાનંદે જોયેલો પ્યાલો ॥

**વે**દાંતકેસરી સ્વામી વિવેકાનંદ મહાન જ્ઞાની કર્મયોગી તથા માનવતાપ્રેમી તો હતા જ. એમના દિલમાં દેશને માટે દુનિયાના બધા જ નાનામોટા પીડિત ને બંધનગ્રસ્ત જીવોને માટે લાગણી હતી તે પણ સાચું, પરંતુ એમના જીવનનું એક બીજું પાસું પણ હતું. આત્મબળ અને એની પાછળ એમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની કૃપા તથા એમની પોતાની ઊંડી સાધના કામ કરતી હતી તે બહુ ઓછા માણસો જાણી શક્યા હશે.

એમના તે અદ્‌ભુત આત્મબળનો અથવા એમની અસાધારણ શક્તિનો પરિચય આપતો એક પ્રસંગ અહીં લખી રહ્યો છું. તેના પરથી એ મહાપુરુષ માટે આપણા દિલમાં માન પેદા થશે. એટલું જ નહીં, પરંતુ વિવેકાનંદને જોવાની કે મૂલવવાની એક નવી જ દૃષ્ટિ પણ મળી રહેશે.

એ પ્રસંગ કોઈ સામાન્ય મનુષ્યે નથી લખેલો, પરંતુ વિવેકાનંદ પછી લાંબે વખતે અમેરિકા ગયેલા તથા ત્યાં વરસો સુધી રહેલા સ્વામી યોગાનંદે વર્ણવ્યો છે. એમની આત્મકથાના 'હું પશ્ચિમમાં પાછો ફરું છું.' પ્રકરણમાં એ અમર છે.

યોગાનંદજી જ્યારે ભારતની મુલાકાત લઈને અમેરિકા પાછા ફર્યા ત્યારે ત્યાંના ભક્તો તથા શિષ્યોને માટે કેટલીક ભેટો લઈ ગયા.

પોતાના ભક્તોમાંના એક મિસ્ટર ડીકીન્સને એમણે એક ચાંદીનો પ્યાલો અર્પણ કર્યો.

તે જોઈને ડીકીન્સને આનંદના ઉદ્‌ગાર કાઢ્યા, ‘આ ચાંદીના પ્યાલાની હું છેલ્લા તેતાલીસ વરસથી પ્રતીક્ષા કરતો’તો…’

યોગાનંદે પૂછ્યું, ‘કેવી રીતે ?’

એમણે કહ્યું, ‘વાત ઘણી લાંબી છે, અને અત્યાર સુધી મેં તેને મારા હૃદયમાં સાચવી રાખી છે. મારી ઉંમર ફક્ત પાંચ વરસની હતી ત્યારે મારા ભાઈએ મને રમતાં રમતાં પંદર ફૂટ ઊંડા પાણીમાં ધક્કો માર્યો. તે વખતે હું ડૂબવાની તૈયારીમાં હતો. ત્યારે મને કોઈ રંગબેરંગી પ્રકાશ દેખાયો અને એની વચ્ચે કોઈ શાંત પ્રસન્ન નેત્રોવાળી માનવઆકૃતિનું મને દર્શન થયું. પછી તો મારા ભાઈ તથા મારા મિત્રોની મદદથી હું બચી ગયો.’

‘એ પછી બરાબર બાર વરસે, મારી ઉંમર સત્તર જેટલી હતી. ત્યારે, મારી માતા સાથે મારે શિકાગો જવાનું થયું. ઈ.સ.૧૮૯૩માં તે વખતે ત્યાં સર્વધર્મપરિષદ ચાલતી હતી. મારી માતા સાથે એક દિવસ મુખ્ય રસ્તા પરથી પસાર થતી વખતે મેં અચાનક બીજી વાર તે પ્રબળ પ્રકાશનું દર્શન કર્યું. રસ્તાથી થોડેક દૂર મને એક માણસ દેખાયા જેમને મેં સ્વપ્નમાં વરસો પહેલાં જોયા હતા. તે સભાખંડ તરફ ચાલ્યા ને અંદર પ્રવેશ્યા.’

‘માતા !’ મેં મારી માતાને કહેવા માંડ્યું. ‘હું પાણીમાં ડૂબતો હતો ત્યારે આ જ માણસે મને દર્શન આપેલું.’

અમે સભાખંડમાં પ્રવેશ્યા. એ માણસ પ્લેટફોર્મ પર બેઠા હતા. અમને માહિતી મળી કે એ સ્વામી વિવેકાનંદ હતા. તેમના પ્રેરણાત્મક પ્રવચન પછી હું તેમને મળવા ગયો. એ મને લાંબા વખતથી ઓળખતા હોય તેમ મારી તરફ જોઈને હસ્યા.



મારે એમને ગુરુ કરવા’તા, પરંતુ મારા વિચારને વાંચી લઈને એના ઉત્તરરૂપે એ કહેવા માંડ્યા :

‘ના, હું તારો ગુરુ નથી. તારા ગુરુને આવવાની હજી વાર છે. તે પાછળથી આવશે ને તને ચાંદીનો પ્યાલો આપશે.’

થોડીવાર અટક્યા પછી એમણે સ્મિતપૂર્વક કહેવા માંડ્યું, ‘એ તારા પર તું આજે અનુભવી શકવાને યોગ્ય છે, એથી પણ વિશેષ કૃપા વરસાવશે.’

એ પછી અમે શિકાગો છોડ્યું અને મહાન સ્વામી વિવેકાનંદની મુલાકાત ફરી ન થઈ. વરસો વીતી ગયા છતાં કોઈ ગુરુ ના મળ્યા ત્યારે ઈ.સ.૧૯૨૫માં એક રાતે ગુરુને માટે મેં અત્યંત ઉત્કટ ભાવે પ્રાર્થના કરી. થોડાક કલાક પછી સંગીતના સુંદર સરોદો સાથે કોઈએ મને નિદ્રામાંથી જગાડ્યો.

બીજે દિવસે જીવનમાં પહેલી જ વાર મેં અહીં લોસ એન્જેલસમાં તમારું પ્રવચન સાંભળ્યું અને મને ખાતરી થઈ કે મારી પ્રાર્થનાનો સ્વીકાર થયો છે. છેલ્લા અગિયાર વરસથી હું તમારો શિષ્ય થયો છું. ચાંદીના પ્યાલાની વાત યાદ કરીને મને વારંવાર વિસ્મય થતું. કેટલીક વાર એમ પણ થતું કે વિવેકાનંદના શબ્દોનો ફક્ત ભાવાર્થ જ લેવાનો હશે. પરંતુ નાતાલની રાતે તમે ચાંદીના પ્યાલાવાળી પેટી આપી ત્યારે મારા જીવનમાં મને ત્રીજી વાર તે પ્રબળ પ્રકાશનું દર્શન થયું. બીજી જ ક્ષણે મારી નજર ચાંદીના પ્યાલા પર પડી જેને વિવેકાનંદની દિવ્ય દૃષ્ટિ તેતાલીસ વરસ પહેલાં જોઈ ચૂકી હતી. વિવેકાનંદના શબ્દોનું સાચું રહસ્ય મને ત્યારે જ સમજાયું.

**—શ્રી યોગેશ્વરજી**

## ॥ વિવેકાનંદ : ભારતવર્ષનું ઘનીભૂત રૂપ ॥

સ્વામી વિવેકાનંદે એકવાર પોતાના સંદર્ભમાં કહ્યું હતું; 'હું Condensed INDIA' —ભારતવર્ષનું ઘનીભૂત રૂપ છું. ભારતવર્ષને પ્રેમ કરીને સ્વામીજી સ્વયં ભારતવર્ષ બની ગયા હતા. ભગિની નિવેદિતાએ પણ આ જ વાત કહી છે : 'ભારતવર્ષ સ્વામીજીના ગંભીરતમ આવેગનું કેન્દ્ર હતું. ભારતવર્ષ એમના હૃદયમાં ધબકતું હતું. એમની શિરાઓમાં પ્રતિધ્વનિત થતું હતું. ભારતવર્ષ એમનું દિવાસ્વપ્ન હતું. ભારતવર્ષ એમને માટે રાતનું દુઃસ્વપ્ન હતું. કેવળ આ જ નહીં, તેઓશ્રી સ્વયં ભારતવર્ષ થઈ ગયા હતા. રક્તમાંસથી સર્જિત ભારત-પ્રતિમા ! ભારતવર્ષની આધ્યાત્મિકતા, એની પવિત્રતા, એની પ્રજ્ઞા, એની શક્તિ, એનું સ્વપ્ન તેમજ એનું ભવિષ્ય-તેઓશ્રી સર્વના પ્રતીકપુરુષ હતા.'

સ્વામીજીનું જીવનચરિત્ર વાંચતાં લાગે છે કે ભારતવર્ષના ગર્વથી આટલું ગર્વિત કદાચ કોઈ નહીં હોય. મા જેવી રીતે સંતાનનું સુખદુઃખ સાચું-ખોટું, દુર્બલતા, જરૂરિયાત, ભય તેમજ સંભાવનાની વાતો સંતાનથી પણ અધિક સારી રીતે જાણતી હોય છે એ જ રીતે સ્વામીજીએ ભારતવર્ષને ઓળખ્યું હતું. તેથી અતીત, વર્તમાન તેમજ ભવિષ્યના ભારતવર્ષનું એક પરિપૂર્ણ ચિત્ર એમની ભાવનામાં હતું. તેથી જ રવીન્દ્રનાથે રોમાંરોલાંને કહ્યું હતું : 'જો ભારતવર્ષને જાણવા માગતા હો તો વિવેકાનંદને વાંચો.'

એમની અમેરિકાયાત્રા સ્પષ્ટ સંકેત હતી કે ભારતમાતા જાગી રહી છે. પછી કહ્યું, 'એ માત્ર જાગી જ નથી, પરંતુ વિજયી પણ થઈ.'

સારી માનવજાતિને આધ્યાત્મિક જ્ઞાનથી પ્લાવિત કરવાનું શ્રેય શ્રી વિવેકાનંદને જાય છે.

—સંપાદન



## ॥ શ્રી રામકૃષ્ણ 'સૂત્ર'—વિવેકાનંદ 'ભાષ્ય' ॥

નરેન્દ્રે શ્રી રામકૃષ્ણને સીધો પ્રશ્ન કર્યો : 'તમે શું ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે ?' ઉત્તર પણ સીધો મળ્યો 'હા, હું એમનું દર્શન કરી શકું છું. તને જેવો જોઉં છું, એનાથી પણ સ્પષ્ટ એમને જોઉં છું. તું અગર જોવા ચાહે તો તને પણ બતાવી શકું છું.' આ સાંભળી નરેન્દ્ર ચકિત થઈ ગયો. આ પહેલી વ્યક્તિ છે. જે બહુ સહજ ભાવથી કહે છે કે તેણે ઈશ્વરને જોયો છે. એટલું જ નહીં એ અન્યને પણ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે. પરંતુ નરેન્દ્રે એનો સહજ સ્વીકાર નહોતો કર્યો. પરીક્ષણ પછી જ્યારે તેમની પવિત્રતા-આધ્યાત્મિકતાની બાબતમાં નિઃસંદેહ થયા ત્યારે જીવનના પથપ્રદર્શકરૂપમાં તેમને ગ્રહણ કર્યા. એની આ પરખથી શ્રી રામકૃષ્ણ મુગ્ધ થઈ ગયા. એમણે જાણ્યું હતું કે આ મનુષ્યને દુઃખમુક્ત કરવા પૃથ્વી પર આવ્યો છે અને એ જ તેમના ભાવોના પ્રચારનું માધ્યમ બનશે.

'તારે પોતાની મુક્તિની ઇચ્છા નથી રાખવાની, તારે તો વિશાલ વટવૃક્ષ બનવાનું છે, જેની છાયામાં સમસ્ત પૃથ્વીના મનુષ્યો શાંતિ મેળવશે.'

કાશીપુરમાં શ્રીરામકૃષ્ણે એક કાગળ પર લખ્યું : 'નરેન્દ્ર શિક્ષણ આપશે' અર્થાત્ ભારતવર્ષના જે શાશ્વત આધ્યાત્મિક આદર્શ પોતાના જીવનમાં તેમણે પ્રગટ કર્યા હતા, જગતમાં એનો પ્રસાર નરેન્દ્રે કરવો પડશે.

એ પર નરેન્દ્રે આપત્તિ પ્રગટ કરી તો શ્રીરામકૃષ્ણ બોલ્યા : 'તારા હાડકાં પણ આ કામ કરશે.'

એકવાર શ્રી રામકૃષ્ણ બોલ્યા : 'જીવ પર દયા નહીં, શિવ ભાવથી જીવની સેવા કરવી જોઈએ' તે સાંભળી તેમણે કહ્યું; 'આ વચનોમાં અદ્‌ભુત પ્રકાશ છે. જો ઈશ્વરે મને અવસર આપ્યો તો આ અદ્‌ભુત સત્યને હું સમસ્ત સંસારમાં વિખેરી દઈશ.'

અને વિવેકાનંદે માનવસેવાના માધ્યમથી ભગવાનની ઉપાસનાનું જે અનુષ્ઠાન પ્રસાર્યું એની ભોંય (જમીન) એ જ દિવસે તૈયાર થઈ. વસ્તુતઃ વિવેકાનંદનું પ્રત્યેક કામ જ શ્રીરામકૃષ્ણ દ્વારા નિર્દેશિત છે. શ્રી રામકૃષ્ણ સૂત્ર છે અને સ્વામીજી તેમના ભાષ્ય છે.

**—સંકલન**

## ઝેન સંવાદ

**ગુરુ :** પ્રશ્નો પૂછીને તમે ઉપાધિ કરો છો.

મૂંગા રહીને તમે મોટો ગુનો કરો છો.

આ સાંભળી સભામાંથી એક શિષ્ય ઊભો થયો. ગુરુજીની નજીક આવી પ્રણામ કર્યા. ગુરુજીએ તત્કાળ એક લાકડી ફટકારી દીધી. શિષ્ય ચોંકી ગયો. બોલ્યો : 'હજી તો હું તમને નમન કરું છું, ત્યાં તમે મને કેમ ફટકાર્યો ?'

**ગુરુ :** તારું મોં ખુલે, તું કંઈક બોલે ત્યાં સુધી હું તારી રાહ જોઉં; તેટલામાં તો બધો ખેલ ખતમ થઈ જાય !



# ॥ સદ્‌ગુરુ-પરમ શક્તિસ્રોત ॥

સદ્‌ગુરુ એક પરમ શક્તિ છે જે સ્વાસ્થ્ય, સુખ, શાંતિ ને સફળતા તરફના તમારા માર્ગ પર પ્રકાશ પાથરશે, જો તમે કેવળ તે પ્રકાશ તરફ વળશો તો. મારા ગુરુની સરખામણી ત્રણે લોકમાં થઈ શકે નહીં. પારસમણિ લોખંડને સોનામાં બદલી શકે છે પણ બીજા પારસમણિમાં નહીં. જ્યારે સદ્‌ગુરુ પોતાના ચરણમાં આશ્રય લેતા શિષ્યને પોતાના સમાન બનાવે છે.

ગુરુ જાગ્રત ઈશ્વર છે કે જે શિષ્યમાંના સુપ્ત ઈશ્વરને જગાડે છે.

જિજ્ઞાસુમાં આગળ વધેલા પૂર્ણપણે જાગ્રત ઈશ્વરને પ્રેમના મૃદુ સ્પર્શ વડે ત્વરિત જાગૃત કરે છે. 'દિવ્ય વફાદારી' એટલે વ્યક્તિના વેરવિખેર ધ્યાન ભાવના-પ્રયત્નોને ભેગા કરવા તથા તેઓને એકમાત્ર આધ્યાત્મિક લક્ષ્ય ઉપર કેન્દ્રિત કરવાં. તે કહે છે :

'તમે જો તમારા પરિબળોને નબળાં ના પાડો તો હું તમને વધુ મદદ કરી શકું તેમ છું.'

તને શિસ્તબદ્ધ કરવાની પરવાનગી આપ કારણ કે ટેવો-સંસ્કારો-તરંગો મુજબ કાર્ય કરવામાં ઈચ્છામુક્તિ નથી. જો તમારી ઈચ્છાને મારી સાથે 'સમસ્વર' કરશો તો મુક્તિ મળશે.

ઈશ્વરને પ્રસન્ન કરવા પ્રાર્થના પણ પૂરતી નથી, સદાચારી વર્તણૂક પણ આવશ્યક છે.

ગુરુ 'બિનશરતી દિવ્ય પ્રેમ'ના એવા પ્રગટીકરણ છે કે આપણે ગમે તે કરીએ તો પણ આપણા માટેના પ્રેમમાં કદીપણ

ઓટ લાવતા નથી. આપણી પાસે પ્રભુએ એક એવી વ્યક્તિને મોકલી છે કે જે ક્ષણે ક્ષણે, પ્રતિદિન-જનમોજનમ આપણું ધ્યાન રાખશે. તેની દૃષ્ટિમાંથી આપણને કદી પણ દૂર કરશે નહીં. સદા સ્થિર, અવિકારી બ્રહ્મ સાથેના એમના ઐક્યની ઓળખાણ વડે જેનામાં આપણાં શ્રદ્ધાસુમન ખીલે છે તે આ જ ગુરુ છે.

શ્રદ્ધા વિકસાવવા શિષ્યને કહે છે 'જો જરૂર પડે તો અંધપણે પણ અનુસરો.' તેનો એ માર્ગ સલામત, ચોક્કસ છે.

ગુરુ શિષ્યને અસંખ્ય રીતે મદદ કરે છે. મહાનતમ મદદ પોતાના દાખલા દ્વારા પ્રેરણા પૂરી પાડવાની છે.

મૌન ઈશ્વરનો વાચાળ અવાજ, ઉચ્ચતમ જ્ઞાન અને શુદ્ધતમ પ્રેમનો અવતાર છે.

ગુરુએ શિષ્યને એક કામ સોંપ્યું, તેણે વિરોધ કર્યો તેમણે કહ્યું; 'હું કરી શકું.' શિષ્યે કહ્યું, 'તમે ગુરુદેવ છો ઈશ્વર સાથે એક છો.' તો એમણે કહ્યું, 'તારી અને મારી વચ્ચે ફક્ત એક જ તફાવત છે. મેં પ્રયાસ કર્યો હતો, હવે તારે પ્રયાસ કરવાનો છે.' વ્યક્તિએ પ્રયાસ કરવા હર હાલમાં રાજી થવું જોઈએ.

જીવન વેગથી વહેતી નદી જેવું છે. તમે જ્યારે ઈશ્વરને ખોળો છો ત્યારે ભૌતિક ઈન્દ્રિય ચેતના તરફ મનને ખેંચી જતા સાંસારિક વલણો સામે તરો છો. જો તમે ઢીલા પડ્યા તો માયાનો જોરદાર પ્રવાહ તમને દૂર લઈ જશે.

કુંભમેળામાં મહાવતાર બાબાજીને બીજા સામાન્ય સાધુના પગ ધોતાં જોઈ લાહિરી મહાશયે પૂછ્યું, 'ગુરુજી, તમે અહીં આ શું કરો છો ?' બાબાજીએ કહ્યું—'હું આ સંન્યાસીના પગ ધોઉં છું. પછી તેમની રસોઈના વાસણો સાફ કરીશ ઈશ્વરને ખુશ કરવાના ગુણોમાંનો ઉત્તમ ગુણ વિનમ્રતા હું શીખું છું.'



જીસસ ક્રાઈસ્ટે કહ્યું હતું : 'હું તમને ચોક્કસપણે જણાવું છું કે જો તમારી પાસે રાઈના દાણા જેટલી પણ શ્રદ્ધા હશે તો તમે પર્વતને કહેશો આ જગ્યાએથી ત્યાં ખસી જા ને તે ખસી જશે. ને તમારા માટે કશું અશક્ય હશે નહીં.'

મારા સદ્‌ગુરુની કૃપાથી હું અજ્ઞાતને જાણતો થયો.

- ચરણ વિના મારે કેમ ચાલવું, ચક્ષુ વિના મારે કેમ જોવું, કર્ણ વિના મારે કેમ સાંભળવું, મુખ વિના મારે કેમ પીવું, પાંખ વિના મારે કેમ ઉડવું તે હું ગુરુ પાસેથી શીખ્યો હતો.

- જે પ્રદેશમાં સૂર્ય-ચંદ્ર નથી, દિવસ-રાત નથી, તે પ્રદેશમાં મારા પ્રેમ-ધ્યાનને હું લાવ્યો હતો. ખાધા વગર મેં અમૃતની મિઠાશ ચાખી હતી ને પાણી વગર મેં મારી તરસ મિટાવી હતી જ્યાં પરમાનંદની દાદ મળતી હતી ત્યાં આનંદની પૂર્ણતા હતી. એ આનંદ કોની સામે વર્ણવી શકાય, એ શબ્દાતીત છે અને ભક્તનું પણ મહાન સદ્‌ભાગ્ય છે.

**—મૃણાલિની માતા**
**(ગુરુ-શિષ્ય સંબંધ)**

**'હંકારી લે શ્રદ્ધાભાવથી**
**પાર કરીશ હું તુજને સાચે**
**બેસાડે જો જીવનનાવે**
**પાર કરીશ હું તુજને સાચે'**

**—'મા' સર્વેશ્વરી**

## ॥ માનવે માનવ થવાનું છે ॥

'માનવે માનવ થવાનું છે' આ વિષય પહેલી નજરે વિસ્મયકારક લાગે એવો છે. કેમકે માનવ માનવ છે જ, હોય છે. એમાં થવા-બનવાની વાત ક્યાં આવી ?

પણ આપણે સર્વ આજે જાણી ચૂક્યા છીએ કે, માનવ આકૃતિઓ છે, માનવશરીરો હરતાં-ફરતાં દેખાય છે પણ માનવીયપણાથી દૂર-અલગ થઈ ગયાં છે.

માનવ દેવત્વ સુધી પહોંચવાનો ડોળ કરે છે પણ એનાં વાણી-વિચાર-વર્તન એને દાનવ જ સાબિત કરી રહ્યાં છે. ગાલિબને એટલે જ કહેવું પડેલું 'આદમી કો ભી મયસ્સર નહીં ઈન્સાં હોના.' આપણા કવિએ એટલે જ કહ્યું,

'હું માનવી માનવ થાઉં તો ઘણું !'

તો આજે માનવોરૂપે અ-માનવો એટલાં બધા દેખાય છે કે, 'માનવે માનવ થવાનું છે' એવો વિષય યોજવો પડ્યો. દેખીતા સહેલા-સરળ કદાચ હાસ્યાપદ લાગતા વિષયમાં એક ગંભીર-ગહન અધ્યાત્મ-સત્યનો સંકેત છે. વર્ષો પહેલાં 'અધ્યાત્મના ઍવરેસ્ટ' કહી શકાય એવા શ્રી રમણ મહર્ષિએ કહ્યું હતું : 'BE YOURSELF' તમારું કર્તવ્ય આ કે તે નહીં પણ કેવળ જે છો એ સ્વરૂપે રહેવાનું હોવાનું છે. એટલે ચર્ચાનો ઉપક્રમ એ સંકેત સુધી પહોંચવાનો સ્વાભાવિક રહેશે.

સર્વપ્રથમ તો આપણે માનવ માનવ કેમ નથી રહ્યો એ વિશે વિચારીશું. માનવને જે શરીર મળ્યું છે એ અન્ય પ્રાણીઓની જેમ ભૂખ, નિદ્રા, તરસ, જાતીય વૃત્તિઓ ધરાવનારું છે. પણ એ



વૃત્તિઓને તંદુરસ્ત રાખવી એ એની જવાબદારી છે. પ્રાકૃતતામાંથી સુસંસ્કૃત બનાવવાની છે. પશુઓની જેમ ગમે તે ખાઈ લીધું, ગમે ત્યાં ખાઈ લીધું એમ નહીં. દર્શક કહે છે તેમ, 'પશુ ઉકરડા પર બેસી નિરાંતે ચરી શકે છે, મનુષ્ય ઉપવનની શોધમાં જશે.' અતિ આહાર, અલ્પ આહાર, આરોગ્યને હાનિ કરતા ખાદ્ય પદાર્થોનો ભોગ-લારીઓ, હૉટલો, રૅસ્ટોરન્ટ, ફાસ્ટ ફૂડ, કૉલ્ડ ડ્રીંક, સિગારેટ, બીડી, તમાકુ, દારૂ વગેરેનાં વ્યસનો માનવને કંગાળ, રોગગ્રસ્ત બનાવી રહ્યાં છે.

નિદ્રા-અતિનિદ્રા અથવા અલ્પ નિદ્રા. અને નિદ્રામાં ય લંબાવાયેલો દિવસ હોય એમ સ્વપ્ન દુઃસ્વપ્નની ધમાચકડી.

વળી કસરતનો લગભગ અભાવ-આજકાલ યોગ-ધ્યાનની શિબિરો યોજાય છે. પણ રોજિંદા જીવનમાં એની નિયમિતતા નથી. તેથી ડૉક્ટરો-દવાઓને હવાલે જીવન. માનવશરીર અદ્‌ભુત રીતે વિકસે છે. બાળપણ, કૈશોર્ય, યુવાની, પ્રૌઢત્વ-વૃદ્ધત્વ. પણ ખોરાક તેમજ ઊંઘમાં અવસ્થા પ્રમાણે ફેરફારો કરી કાળજીપૂર્વક શરીર સાથે સંવાદી થવા બહુ ઓછા માનવો મથે છે.

કેવળ આદતવશ યંત્રવત્ જીવનારો માનવ એના શરીરને પ્રકૃતિના ઉત્તમ વરદાનને અનિયંત્રિત-અરાજકતા-અવ્યવસ્થાનો ભોગ બનાવી, અનેક રોગોને નિમંત્રી, અભિશાપ બનાવી દે છે.

'માનવમન' કે જેમાં સમગ્ર માનવજાતનો સંસ્કારવારસો છે. માતાપિતા, જાતિ, સમાજ, સ્કૂલ-કૉલેજ, રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક કંઈ કેટલીય વિચારધારાઓ અને વર્તણૂંકોની ભાતો હોય છે.

બાળક જન્મે છે ત્યારે એના ચૈતન્યને કોઈ નામ નથી હોતું. પણ પછી ગોરું-કાળું, જાડું-પાતળું, હોંશિયાર-ઠોઠ એવી

ઓળખાણો એની વધતી જાય છે. ડિગ્રી, વ્યવસાય, સામાજિક સંબંધોનાં અનેક આવરણો એના પર આવતાં એ માનવસર્જિત એક નિશ્ચિત માળખામાં ગોઠવાઈ જાય છે. અલબત્ત, અનુકૂળતા, પસંદગી, સ્વીકારનું સ્વાતંત્ર્ય એમાં છે. પણ આ મન વર્તમાનને બદલે ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યની ચિંતાઓમાં અટવાયેલું રહે છે.

માણસ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, નિયમિત જાય છે. સદ્‌ગ્રંથો વાંચે છે. પણ બંધનોની ગુલામીમાં હોય છે. ઘરમાં બૂમબરાડા પાડે, સહકર્મચારીઓ સાથે ગુસ્સો, અણગમો. અશાન્ત મનના આઘાતો એના સમગ્ર નાડીતંત્ર-શરીર-મનના માળખા પર પડે છે. જે અસંતુલન પેદા કરે છે. આ પ્રદૂષણ એની 'ચેતનામાં ગાંઠો' ઊભી કરે છે. જેને આગ્રહો, વળગણો, ગમા-અણગમા, પૂર્વગ્રહો, નિષેધો તરીકે આપણે ઓળખીએ છીએ.

હવે માનવ જો આવાં શરીર-મનથી જીવ્યા કરે તો એ એક વ્યવસ્થા કે માળખાનો જડ એકમ બની રહે છે.

જ્યારે માનવનો પ્રાણ છે એની સર્જનાત્મકતા એને માટે અવકાશ ઊભો કરવાની શક્તિ છે પ્રેમમાં ! જો આપણે માનવજીવન સંગીતમય બનાવવું હશે તો તેની ઊર્જાઓ-સંસ્કારોનો સમુચિત ઉપયોગ કરી 'આંતરિક સંતુલન' પેદા કરવું પડશે. એ જ 'અધ્યાત્મ'.

'અધ્યાત્મ' એટલે માનવના શરીર અને મનને વધુ સંવેદનશીલ-સ્વસ્થ બનાવવાં. માનવસંબંધોમાં કેવી રીતે વર્તવું રોજિંદા જીવનની ગુણવત્તા જાળવી, સુધારી બીજાના અણગમતા વ્યવહારોમાંથી ઘવાયા વિના કેવી રીતે પસાર થવું એ જ.



માનવની એક બાજુ છે વિજ્ઞાન, ટૅકનોલોજી આર્થિક બાબતો જે એને બાહ્ય સલામતી, સગવડો સુવિધાઓ આપે છે. એની બીજી બાજુ છે અધ્યાત્મ જે આંતરિક સલામતી અર્પે છે. શાંતિ-પ્રસન્નતા અર્પે છે.

પણ માનવ 'ઉપગ્રહો છોડે છે, પૂર્વગ્રહો નહીં.' ચંદ્ર-મંગળ સુધી પહોંચ્યો છે પણ એકબીજાના મન સુધી નહીં ! એક કવિ કહે છે તેમ, 'સડકો ક્યારની ખોદાય છે પણ હજી માનવી પહોંચ્યો નથી.' જીવનની ક્ષણભંગુરતાનો પળે પળે અનુભવ કરે છે પણ પોતે અમરપટ્ટો લખાવીને આવ્યો હોય એમ ફરે છે ! સત્તા-દ્રવ્યના નશામાં એ બીજાને નગણ્ય ગણે છે. લાભશંકર કહે છે તેમ 'વિશ્વમાં એક જ ફૅક્ટરી ધમધમે છે નિર્માનુષીકરણની !'

આર્થિક અસમાનતા છે. ધર્મને નામે દંભ-આડંબરો જ વિશેષ છે. રાજકીય ક્ષેત્રે સ્વાર્થ સત્તાનાં રમખાણો છે. બહારથી યોજનાઓ ભવ્ય લાગે. પણ માનવની છબી માંયકાંગલી છે.

માનવ અશાંત છે, લઘુતાગ્રંથિ-ગુરુતાગ્રંથિ છે. ચારે તરફ કોલાહલ છે. ક્ષુદ્રતાનો !

માનવ એની ગરિમા ગિરવે મૂકી ચૂક્યો છે. આ ગરિમા પુનઃ પ્રાપ્ત કરવાનો કોઈ માર્ગ ?

માનવે મનની ગતિને સંપૂર્ણ શાન્ત કરી દેવી પડે. કોઈ અનુભવ નહીં. કશું સાંભળવું-કહેવું-જાણવું નથી. બધું સ્થિર થઈ ગયા પછીની વિશ્રાન્તિ અનુભવવી એનું વિજ્ઞાન એ જ ધ્યાન.

મૌન-શૂન્ય-ખાલીપણું પ્રતીત થાય તો જ 'જીવનનો મૂળ

સ્રોત' જે માનવ અસ્તિત્વનો ધબકાર છે તે અનુભવાય. બહારના અવાજો બંધ થતાં 'આંતરિક નાદ' સંભળાય છે. વિશ્રાંતિમાં બધી જ ઊર્જાઓ અંદર કેન્દ્રિત થાય છે જેના દ્વારા જીવનની શક્તિનો સંચાર થાય છે. 'સકલ કર્મે વહો શાન્ત તોમાર છંદ' એમ ગાતા ટાગોરની જેમ, 'અંતર મમ વિકસિત કરો..' ગાન છેડાય છે.

વિમલા ઠકાર કહે છે તેમ;

'જ્યારે માનવ મૂળ સ્રોત-નિજ ધામમાં પ્રવેશે છે ત્યારે બહારના બધા કોલાહલ વિચારો-લાગણીઓ-ગમા-અણગમા-પૂર્વગ્રહોની બધી હલચલ શાન્ત થઈ જાય છે. અને માનવ 'અસ્તિત્વની સમગ્રતા'માં નિવાસ કરે છે. પછી એ આંખથી જુએ છે ત્યારે સમગ્રતા જ જુએ છે, કાનથી સાંભળે છે ત્યારે સમગ્રતા જ સાંભળે છે. એટલે દર્શન-પ્રતિસાદની ગુણવત્તામાં પરિવર્તન થાય છે.

મૌનમાં મન નેપથ્યમાં જતાં જ્ઞાતની ગતિ નથી. અજ્ઞાત ત્યાં પ્રવેશે છે. મર્યાદાઓ જણાયાથી માનવ આ સ્થિતિમાં મૂકાય છે. અને એને જે ભેટ મળી છે 'આત્મચૈતન્યની' તે અહીં કાર્યાન્વિત થાય છે. જે 'માનવના અસ્તિત્વનું સત્ત્વ' છે. (પહેલાં એની આવ-જા હશે) પછી એ જ માનવના અખિલ અસ્તિત્વને ભરી દેશે એને એ જ એની અનુભૂતિઓ-પ્રેમ-શાંતિ-સ્વાતંત્ર્યનો મૂળ સ્રોત બનશે.

આ 'જાગૃત માનવ' આત્મસંયમ કેળવશે. શિષ્ટાચાર, ગૌરવ, વિવેક કદી નહીં ચૂકે. આભિજાત્ય-ગરિમા દ્વારા સુંદર બનશે એ જ સંસ્કૃતિ !'

દરેક વ્યક્તિ પાસે 'કશુંક શ્રેષ્ઠ' છે તે બહાર પ્રગટશે,



અધૂરયો-મર્યાદાઓ ઢંકાઈ જશે. ગમે તે વ્યવસાય હશે માનવ એના માનવ્યના આધ્યાત્મિક સ્પર્શથી સમૃદ્ધ હશે.

શરીર-મનને સ્તરે માનવ માનવીયતા પ્રગટ કરશે એનું શરીર સચેત, કોમળ, સ્થિતિસ્થાપક. મન સંવાદી, સ્વસ્થ, વાણી સત્ય-પ્રિય. અતિશયોક્તિ નહીં, અલ્પોક્તિ નહીં. કોઈને આઘાત-ઉદ્વેગ આપ્યા વિના સત્યમંડિત વાણી જે બોલનાર-સાંભળનાર બંને માટે કલ્યાણકર્તા !

માનવ સાવચેત રહે તો પરિવર્તન કરી શકે. માનવે યાદ રાખવું ઘટે કે, 'જીવતા રહેવું કેવું વરદાન છે ! આપણને આપવામાં આવેલ પ્રકૃતિગત ક્ષમતાઓને સંચરતી રાખવી એ એના આશીર્વાદ છે. જ્યાં હો ત્યાં સમગ્રતયા રહો' 'નિરાવરણ ચેતના'ને અનુભવો. અધ્યાત્મ આ છે : 'સ્વશિક્ષણ' જીવન જીવવાનું વિજ્ઞાન-એની ઊર્જા માનવને છલોછલ ભરી દે છે એમાંથી 'નવો-સાચો માનવ' જન્મે છે.'

ગૌતમ માનવ હતા, પણ ૪૮ દિવસ બોધિવૃક્ષ નીચે બેઠા તો 'બુદ્ધ' બન્યા.

જિસસ ૪૦ દિવસ પર્વતની ટોચ પર એકાંતવાસમાં રહી 'આંતરિક મુક્તિ' પામ્યા.

આ કાલ્પનિક વાર્તા નથી, મૂર્ખાએ કહેલી કથની નથી. એવું કંઈક છે જે માનવો સાથે ઘટી, માનવને માનવ બનાવે છે અર્થાત્ પૂર્ણ માનવગરિમા બક્ષે છે શ્રી રામકૃષ્ણ, શ્રી રમણ મહર્ષિ, વિવેકાનંદ એનાં દૃષ્ટાન્તો છે.

શ્રદ્ધા અને પુરુષાર્થનો પ્રણય રચી માનવ કહે કે 'મારાથી થઈ શકે એટલું મેં કર્યું છે બાકીનું જીવન સંભાળશે કારણ કે એ સ્વયં દિવ્યતા છે.'

આવો માનવ પોતાની મર્યાદાઓ ઓળખી અહમ્ નિઃશેષ કરી દેશે. જ્યારે કોઈ નિષ્ઠાપૂર્વક અહંકારવિસર્જન કરે છે ત્યારે ઈશ્વર તરફથી સહાય એને આવી મળે છે. શ્રીકૃષ્ણ કહે છે તેમ, 'આવા ભક્તોનું મને વ્યસન છે.'

તો માનવ જ્યારે પોતાના જીવન પ્રત્યે આદર સેવી, શારીરિક-માનસિક-શાબ્દિક સ્તરે સંવાદિતા સાધી, આત્મનિર્ભર બનશે ત્યારે દિવ્યતા તેને સાચો માનવ હોવાની પ્રતીતિ કરાવશે.

આ આખી ચર્ચાને એક સૂત્રરૂપે કહેવાની હોય તો શ્રી રમણ મહર્ષિએ કહ્યું છે તેમ,

'તું શરીર નથી, મન નથી, આત્મા છે.' એની ઓળખ કર. અને 'Who am I ? પ્રશ્ન સતત જાતને પૂછો. 'I am'. 'હું છું' એ પ્રતીત કરો.

બસ આ જ માનવ્ય છે, આ જ માનવધર્મ છે, આ જ આપણા અસ્તિત્વનો અર્ક છે, જે પામવા માનવદેહ મળ્યો છે. તેઓશ્રી કહે છે : 'Your duty is to be not this or that simply 'Be'. 'Be still'

The time to gain this wisdom is 'Now' and the place is 'Here.' You are the 'spiritual self' Be that.'

(તમારું કર્તવ્ય આ કે તે બનવાનું નહીં, કેવળ 'હોવાનું' છે, માત્ર તમે 'હો', 'સ્થિર હો.' આ ડહાપણ પ્રાપ્ત કરવાનો સમય 'હમણાં' જ છે ને તેનું સ્થાન પણ 'અહીં' જ છે. હે મનુષ્ય તું 'ચૈતન્યસ્વરૂપ' છે અને તે જ રહે.)

શ્રી કૃષ્ણમૂર્તિએ વર્ષો પહેલાં વિમલાજીને કહ્યું હતું,



'તમારામાં અગ્નિ છે એને બુઝાવા ન દેતાં.' એ વાત આપણને-માનવમાત્રને લાગુ પડે છે એક કવિ કહે છે તેમ, 'તારામાં ચાલે છે એક જણ મશાલ લઈ માન્યામાં આવતું ન હોય તો જોઈ લે.'

વિવેકાનંદે વારંવાર કહ્યું હતું. 'મનુષ્યમાત્રમાં દિવ્યતા રહેલી છે, કેળવણીનું કામ તેને જગાડવાનું છે.'

રાષ્ટ્રપતિ શ્રી અબ્દુલ કલામે આ જ સત્ય દોહરાવેલું; 'મનુષ્ય પાસે 'Wings of Fire' છે. એને પ્રજ્વલિત રાખવી એ જ એનો એકમાત્ર ધર્મ છે.'

તો માનવે માનવ થવા-રહેવા કેવળ જાતને એટલું જ કહેવાનું છે-

**'મન ચલો નિજ નિકેતને**
**સંસારવિદેશે વિદેશીને વેશે**
**ભમો કેમ અકારણે ?'**

આત્મસ્વરૂપસ્થિત માનવીય ગૌરવ વિનમ્રતાથી રાજેન્દ્ર શુકલની જેમ નિવેદન કરશે :

**'નિષેધ કોઈનો નહીં, વિદાય કોઈને નહીં**
**હું શુદ્ધ આવકાર છું. હું સર્વનો સમાસ છું.'**

પછી રશીદ મીરની જેમ એ માનવ કહેશે :

**'એ ન જો કે સતત બળું છું દોસ્ત**
**સૂર્યની જેમ ઝળહળું છું દોસ્ત !'**

સાચા મનુષ્યત્વથી ઑપતો માનવ કહેશે :

**'આપણે તો ફક્ત છે રહેવાનું**
**'મીર' પરવરદિગાર રાખે છે.'**

સર્વ પ્રકારના ગર્વ-અહંકારથી રહિત માણસને માણસાઈનો વૈભવ ફરી મળશે જો એ ફક્ત શૈશવ ફરી મેળવશે, અર્થાત્ સહજસ્વરૂપે રહેશે.

માનવ માનવ થઈ-રહી બતાવશે. તો પછી બાકીનું બધું પરમેશ્વર સંભાળી લેશે. 'જીવન એટલે ઇન્દ્રિયોના આનંદને ભસ્મ કરવાની સાધના' આટલો અર્થ જો માનવને સમજાઈ જશે તો એ વિવેકાનંદની જેમ કહી શકશે :

'જુઓ હું વિરાટ બનતો જાઉં છું મારો આત્મા એવો વિસ્તરે છે કે લોહીમાંસનો આ કોથળો હવે વધારે વખત એને ધારણ કરી શકશે નહીં. મારે માટે પ્રાર્થના કરો કે હવે પ્રવૃત્તિ હંમેશ માટે અટકી જાય ને મારો આત્મા જગદંબામાં લીન થઈ જાય. મારી સાચી પ્રકૃતિ એ જ છે.'

બધાં કામકાજ, બધી પ્રવૃત્તિઓ, દુનિયાનું ભલું કરવાની વાતો બધું ઉપરથી લદાયેલું છે.'

જન્મવું, જીવવું ને મરવું આ ગોળ ચક્રાવામાં જીવન ફર્યા કરે તો એનો શો અર્થ ? એવો માર્ગ શોધો કે જીવન રસ, માધુર્ય આનંદથી છલકાતું બની હે. યંત્રવત્ નહીં, પ્રગતિના ક્ષેત્ર તરીકે જીવન સ્વીકારો. બાહ્ય ઉત્તેજનાઓનો આશ્રય લેવાને બદલે પોતાની ચેતનામાં એક પગથિયું ઊંચે ચઢો.

કર્મ દ્વારા પ્રભુની શક્તિના વાહક બનો. પ્રવૃત્તિઓના તોફાની વમળોમાંથી અલગ થઈ શાંત ભૂમિકામાં જતાં તુરત સમજાશે કે પ્રવૃત્તિઓનો ભ્રમ કેટલો બધો મોટો છે ! દોડાદોડી કરી, પરસ્પર ટીચાઈ-અથડાઈ જીવન પૂરું ન કરો. પોતાની



ચેતના-અંતરતમ સત્ય સાથે તદ્રૂપ રહી, સત્ત્વને પ્રગટ કરવા હંમેશાં જાગૃત રહો.

શાન્ત-અક્ષુબ્ધ રહી, પ્રભુ તરફ પૂરેપૂરા વળેલા રહો. બાકીનું બધું એને સોંપી દો !

માનવે માનવ થવા અહંકારના કેન્દ્રમાંથી ઉપર ઊઠી સમગ્રતામાં પ્રતિષ્ઠિત થવાનું છે. હું દેહ છું, હું મન છું એ ભ્રમમાંથી બહાર આવી, બાહ્ય પરિસ્થિતિ અને આંતરિક પ્રતિક્રિયા બંનેમાંથી મુક્ત થઈ, તીવ્ર સંવેદનશીલતાથી સમગ્ર જગતની સાથે સંવેદનાનો નાતો જોડવાનો છે. પછી સુખ આવે, દુઃખ આવે, સફળતા મળે, નિષ્ફળતા મળે, માન મળે-અપમાન મળે આ બધાં વચ્ચેથી બાદશાહની જેમ ગૌરવભેર પસાર થઈ જવાનું છે, સાચી મુક્તિ-મોક્ષ-મૌનાવસ્થામાં અધિષ્ઠિત થવાનું છે.

પણ આ માટે અખંડ, અહર્નિશ જાગૃતિ. શરીર-મનની સ્વસ્થતા માટેની સાવધાની રાખી, વ્યક્તિત્વને ટુકડાઓમાં ખંડિત કરીને નહીં, અખંડ રીતે જીવવાનું છે.

સઘળાં કાર્યો કરતાં-કરતાં અંતરંગ મૌનમાં જે રહે છે તે પરમ આનંદ પામે અને એનો પ્રકાશ સંસારનું રૂપ બદલી નાંખે છે.

સર્વ કોલાહલોથી ઉપર ઊઠી, મૌનના સંગીતથી અંતરંગમાં ઓતપ્રોત થવામાં જ માનવજીવનની કૃતાર્થતા છે, સાર્થકતા છે. એને પછી સંસારમાં પ્રભુ ખોજવાનો નથી, સમગ્ર સંસાર સ્વયં જ પ્રભુ બની જાય છે. એટલે જ આપણે ત્યાં કહેવાયું છે :'ન

માનુષાત્ શ્રેષ્ઠતર હી કિંચિત્' શેક્સપિયરે પણ 'Man is the Measure of all the things.' મીરાંએ 'નહીં ઐસો જનમ બારબાર' કહી મનુષ્યત્વનું, મનુષ્યજન્મનું અનન્ય ગૌરવ કર્યું.

'માનવ શું છે' અને 'માનવ શું થઈ શકે છે?' એની વિગતપૂર્ણ ચર્ચાનો ઉપસંહાર આપણે બે કથાથી કરીશું. એક કથા છે પાશ્ચાત્ય નવલકથા (રશિયન) 'બ્રધર્સ કારામેઝોવ'ની ગ્રુશેન્કાના પાત્રની. જે એક ગણિકા છે જેનું આખું જીવન દુરાચારમાં-સંપૂર્ણ સ્વાર્થમાં વીત્યું હોય છે. એને એક સ્વપ્ન આવે છે કે મૃત્યુ પછી નરકાગારની જ્વાળાઓમાં એની દર્દનાક ચીસોથી દેવદૂતોને દયા આવે છે અને ભગવાન પાસે એની સજા ઓછી કરવા અનુરોધ કરે છે ત્યારે એક સડેલો કાંદો એણે એક ભિખારણને ગુસ્સામાં મારેલો પણ એ કાંદાથી એની ક્ષુધા સંતોષવાનું સત્કાર્ય એનાથી અજાણ્યે થઈ ગયેલું. એ કાંદાને સહારે એને બહાર લાવવા પ્રભુએ કહ્યું પણ શરત કરી કે એણે પાછળ નહીં જોવાનું ! ગ્રુશેન્કા કાંદા પર નજર એકાગ્ર કરી ક્રમશઃ જ્વાળાઓમાંથી બહાર આવતી હતી પણ અચાનક એને પગે ભાર જણાતાં એને લાગ્યું કે બીજા જીવ એને પકડી બહાર આવવા કોશિશ કરતા હતા એ જાણતાં જ એણે કાંદા પરથી નજર હટાવી એમના પર તિરસ્કારભરી નજર ફેંકી કહ્યું, 'પ્રભુએ મારા પર જ અનુગ્રહ કર્યો છે તમારા પર નહીં.' અને એમ કરતાં જ કાંદો ફસડાઈ ગયો અને તે નરકાગારમાં પાછી ફસડાઈ ગઈ. જ્વાળાઓ એને ભરખી ગઈ ! આ માનવના ક્ષુદ્ર અહમ્‌ની કથા !



બીજી કથા છે માનવના 'સંભાવ્ય ગરિમાપૂર્ણ, આભિજાત્યસભર શાલીન સ્વરૂપ'ની ! દક્ષિણના આલ્વાર વૈષ્ણવ સંતોની એક કથા છે. જેમાં એક અલ્વાર તિરુકોલ્યુર પહોંચ્યો ત્યારે ખૂબ અંધારું થઈ ગયેલું. બહુ જ નાની-સાંકડી ઓરડીમાં એણે આશ્રય લીધો. થોડીક ક્ષણોમાં એક માણસે બારણું ખખડાવી અંદર આવવા પૂછ્યું તો એણે કહ્યું : 'એક જણની સૂવા માટેની જગ્યા છે પણ બેને બેસવા તો પૂરતી જગા છે.' તેવામાં કોઈ ત્રીજો રાતવાસાની ઇચ્છાથી આવ્યો. બંનેએ આનંદથી ઊભા થઈ રહ્યું, 'એક જણને સૂવા માટે, બેને બેસવા માટે પણ ત્રણને ઊભા રહેવા પૂરતી જગા છે.'

ત્રણે પરસ્પર ઓળખતા ન હતા પણ ઈશ્વરના આનંદમય સ્વરૂપની ચર્ચા કરતા રહ્યા. ત્યાં જ વિષ્ણુએ મહાકાય સ્વરૂપ ધારી આ નાનકડી ઓરડીમાં પ્રવેશ કર્યો, આ નવી ઉપસ્થિતિથી અકળાવાને બદલે ત્રણે જણે આનંદમાં વધારો અનુભવ્યો. ત્રણેને પ્રભુનું દર્શન થયું.

આમ ભક્તો અને ભગવાન પરસ્પરને ઓળખી, પામી, ધન્ય ધન્ય બની ગયા !

—તરલા દેસાઈ

'May my night be turned to bright morning by you.'

*

'Closeness to anyone but God is untrue.'

## ॥ પૂ.શ્રી 'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યપર્વની ઉજવણી ॥

પૂજ્યશ્રી'મા'ના પ્રાગટ્યપર્વની ઉજવણી માટે આગલા દિવસથી ઘણા ભક્તો 'સ્વર્ગારોહણ'ને દ્વારે આવી પહોંચ્યા ને 'સ્વર્ગારોહણ'ને શણગારવામાં લાગી ગયા. બહુ ઉત્સાહ અને ઉમંગથી રંગોળી, દીવડા, ફૂલો તેમજ વિવિધરંગી ફુગ્ગાઓથી 'સ્વર્ગારોહણ'ને સજાવી દીધું. અલબત્ત પૂજ્યશ્રી'મા' વારંવાર આવા બાહ્ય શણગારોથી દૂર રહી, સાધકોનાં જીવન તપ-વ્રત-જપ-પાઠ-ધ્યાન-પારાયણ, પ્રણામ, પ્રદક્ષિણાથી શણગારવાનો અનુરોધ કરતાં હોય છે.

આ પ્રાગટ્યપર્વનો શુભારંભ ધ્યાન અને વંદનાની બેઠકથી થયો. ત્યારબાદ પૂ.શ્રી'મા'ના ગુણાનુવાદની ઑડિયો-વિડીયો તેમજ શ્રી અજયભાઈ ને હેમલભાઈએ તૈયાર કરેલી ડી.વી.ડી. દર્શાવાઈ ને પૂજ્યશ્રી ગુરુભગવંતની અમૃતવાણીનો રસાસ્વાદ પણ ભક્તોએ માણ્યો.

પૂ.શ્રી'મા'નો જન્મોત્સવ જીવંત રીતે માણવા 'યોગૈશ્વલ્યં'ના વિશાળ હૉલમાં એક સરસ મઝાનું પારણું ફૂલહાર, મોરપિચ્છ તેમજ દીવાઓથી શણગારાયું જેમાં શ્રી આશિષભાઈએ તૈયાર કરેલું 'મા'નું સુંદર સ્વરૂપ પ્રતિષ્ઠિત કરાયું. એ પારણાની દોર સૌપ્રથમ પ્રેમી વડીલ સાધક શ્રી શાંતિભાઈ તેમજ શ્રી કલ્યાણજીભાઈએ ઝુલાવી અવસરનું ગૌરવ વધાર્યું. ત્યાર પછી સર્વ ભક્તો ક્રમબદ્ધ રીતે ફૂલદોરાથી પારણું ઝુલાવી, પ્રણામ અને પુષ્પનો અર્ઘ્ય ધરી. ચીકીનો પ્રસાદ પામી ધન્ય બન્યા. શ્રી નીલેશભાઈ-દિશા અને રથી તેમજ



ભક્તવૃંદના મધુર પદગાનથી હૉલ ગુંજી ઊઠ્યો. ભક્તોના સમૂહકીર્તન તેમજ ગરબાથી વાતાવરણ આહ્‌લાદમય થઈ ગયું.

'સ્વર્ગારોહણ'ના દ્વારેથી પસાર થનાર 'હૂંફના હકદાર' એવા પરિવારો માટે પૂ. શ્રી 'મા'ના અનુગ્રહથી સર્વમંગલ ટ્રસ્ટે વિશેષ સત્કર્મ યોજ્યું. તેમની હાશ ને પ્રસન્નતા તેમના 'ૐ મા, જય મા'ના ઉદ્‌ગારોમાં છલકાઈ સમસ્ત વાયુમંડળમાં પ્રસરી રહી.

આજનો વિશેષ કાર્યક્રમ 'સમૂહમાં બાવનીપર્વ'ના શુભારંભનો રહ્યો.

આમ, પૂજ્યશ્રી'મા'ના પ્રાગટ્યપર્વનું માહાત્મ્ય પૂજ્યશ્રી યોગેશ્વરજીના જન્મશતાબ્દીવર્ષના 'ભવ્ય ઉત્સવસ્તોત્ર' માટે 'નાન્દીરૂપ' બની રહેતાં. મંગલ અવસરની ઉજવણીને ઑર ગૌરવ ને ગરિમા પ્રાપ્ત થયાં.

**—અશ્વિન કાકા**

### ॥ શ્રી સદ્‌ગુરુનાં શ્રીચરણે ૧૧ લાખ બાવનીનો અર્ઘ્ય ॥

આ 'અર્ઘ્ય-અર્પણ'ના પુણ્યપવિત્ર કાર્યમાં જે જે ભક્તો જોડાવવા ઈચ્છુક હોય તે ભારતમાં તેમનાં નામ શ્રી અશ્વિનભાઈ કાકા તેમજ વિદેશમાં શ્રી વિનોદભાઈ પટેલને નોંધાવી શકે છે. 'આપણા ગુરુ ભગવંતશ્રીના મહાપૂજાઅભિષેક'માં વિનાવિલંબે સહભાગી બનવા નાનાં—મોટાં સર્વ કોઈને વિનમ્ર અનુરોધ.

**—'સ્વર્ગારોહણ તીર્થ'**
**અંબાજી**